॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/–। આજીવન **૧૬,૫૦૦**/–

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ કબીર ॥

બાહર કહૌં તો સતગુરુ લાજૈં
ભીતર કહૌં તો જુઠા લો
બાહર ભીતર સકલ નિરંતર
ગુરુ પરતાપે દીઠા લો
દૃષ્ટિ ન મુષ્ટિ ન અગમ અગોચર
પુસ્તક લિખા ન જાઈ લો
જિન પહિચાના તિન ભલ જાના
કહૈ ન કોઈ પતિયાઈ લો

જો એમ કહું કે; પરમતત્ત્વ બહાર છે તો સતગુરુ લાજે છે. અંદર છે એમ કહું તો જૂઠું બોલાઈ જાય છે. સાચી વાત તો એ છે કે, ગુરુ પ્રતાપે એ તત્ત્વને બહાર, અંદર, સકલ નિરંતર દીઠું છે.

એ દૃષ્ટિ અને મુષ્ટિમાં નથી. અગમ અને અગોચર પણ નથી. પુસ્તક તો એનું લખાય એમ નથી.

જો સત્ય જ કહેવું હોય તો એમ જ કહેવું પડે કે જેણે ઓળખ્યું છે, તેણે જ જાણ્યું છે. જો હું કહીશ કે એ ગંભીર તત્ત્વ છે તો કોઈ મારો વિશ્વાસ નહીં કરે.

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

તા. ૧૬ જુલાઈ ૨૦૧૯
(ગુરુપૂર્ણિમા)

**‘ગુરુ માતાપિતા, ગુરુ સ્વામી સખા.
ગુરુચરણોમાં ક્ષમાભાવે પ્રણામ.’**
**–‘મા’ સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વરકથામૃત | ‘મા’ સર્વેશ્વરી | ૬ |
| ૨. ગુરુમહિમા | શ્રી યોગેશ્વરજી | ૮ |
| ૩. ‘મા’ સર્વેશ્વરીની અનન્ય ગુરુભક્તિ | તરલા દેસાઈ | ૧૧ |
| ૪. ગુરુ | શ્રી રમણ મહર્ષિ | ૧૪ |
| ૫. દુર્લભ શિષ્યત્વ | શ્રી વિમલા ઠકાર | ૧૮ |
| ૬. ગીતાનો અમર ઉપદેશ | આત્માની અમૃતવાણી | ૧૯ |
| ૭. શ્રેય અને પ્રેય | પ્રભુપ્રાપ્તિનો પંથ | ૨૨ |
| ૮. જગદંબાનું સાક્ષાત્ દર્શન | દિવ્ય અનુભૂતિઓ | ૨૫ |
| ૯. અદ્‌ભુત ગુરુ | સંતસમાગમ | ૩૩ |
| ૧૦. મહાપુરુષનો આત્મભાવ | સંતસમાગમ | ૩૫ |
| ૧૧. ગુરુ બની શકું તેમ નથી | સંતસમાગમ | ૩૯ |
| ૧૨. મહાપુરુષના મેળાપને માટે શું કરવું ? | ધર્મનો સાક્ષાત્કાર | ૪૩ |
| ૧૩. મહાપુરુષોનો દર્શનલાભ | અધ્યાત્મનો અર્ક | ૪૫ |
| ૧૪. ગુરુવિભાવના | ઈશ્વરદર્શન | ૪૮ |
| ૧૫. ગુરુ વિશે | ધર્મનો મર્મ | ૫૩ |
| ૧૬. ભક્ત અને સંત | ઈશ્વરદર્શન | ૫૭ |
| ૧૭. એક વિરલ પ્રશ્નોત્તર | જીવનયોગ | ૫૯ |
| ૧૮. સૂફી કથા | અનુવાદ | ૬૩ |
| ૧૯. દૈવી અસંતોષ | શ્રી ભાણદેવ | ૬૪ |

# નિવેદન : 'ગુરુપૂર્ણિમા બને નિત્યપૂર્ણિમા !'

'સ્વર્ગારોહણ'ના આકાશમાં ગુરુપૂર્ણિમાના શુભ દિને એક નહીં, બે-બે ચન્દ્ર એક સાથે ઊગે છે. પરમ ભગવંત શ્રી યોગેશ્વરજી તેમજ પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની સૂક્ષ્મ-પ્રગટ સંનિધિ અનુભવનાર બંનેના શીતળ, પવિત્ર, દિવ્ય અજવાસને માણી શકે.

સ્વયં પરમેશ્વર જ સદ્ગુરુપદે આપણા હૃદયમાં સદૈવ પ્રતિષ્ઠિત છે, એની પ્રતીતિ ઉભય ચૈતન્યસ્વરૂપોનું સાયુજ્ય કેવી 'અનોખી રીતે' કરાવે છે એ સમજવા પુંડરિકની કથાનું દૃષ્ટાંત જોઈએ :

પરમાત્માની પરમ કૃપાથી પરમાત્મા બની ગયેલ પુંડરિકને ભગવાને કહ્યું; 'હે પ્રિય ભક્તરાજ ! વરદાન માગો.' પુંડરિક વિનમ્ર સ્વરે બોલ્યો; 'હે નાથ ! ક્યાં આપ સર્વેશ્વર અને ક્યાં હું અલ્પમતિ ! આપ મારા અણુઅણુના સ્વામી છો. આપનાં દર્શન પછી શું બચે છે જે હું માગું ?' ત્યારે ભગવાને અત્યંત સ્નેહાર્દ્ર બની કહ્યું; 'હે વત્સ ! તમે મારી સાથે ચાલો. હું તમારા વગર રહી શકું નહીં. તમે હવે મારી પાસે જ નિત્ય રહો અને મારી લીલામાં સહયોગ આપો.'

પૂજ્યશ્રી યોગેશ્વરજીએ પ્રારંભેલી લીલામાં પૂર્ણ સહયોગ ધરતાં પૂજ્યશ્રી'મા'ના પુણ્યપ્રતાપે 'ગુરુપૂર્ણિમા' આપણા માટે એક દિવસની ઊજવણીનું પર્વ ન રહેતાં, 'નિત્યપૂર્ણિમા'ના શાશ્વત, શીળા, અમીટ પ્રકાશનું અમર વરદાન બની જાય છે.

આજે-આ ક્ષણે જ નહીં, હરહંમેશ નિત્ય-હર પળ આવા પરમ કૃપાળુ ગુરુવર્યોનાં શ્રી ચરણકમળમાં શિર અવનત રાખીએ.

---

**'મથુરામાં સાંભળ્યું છે ખીલી છે ચાંદની**
**વૃન્દાવન હવે અમારે રોજની અમાસ !'**



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૭**

**તા. ૨૨-૧-૮૩, શનિવાર, મહા સુદ આઠમ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

તા. ૨૫મીએ અહીંથી દક્ષિણ દિશામાં દરિયાકિનારે કેપટાઉન જવાનું છે. આવતી કાલે અહીં છેલ્લું પ્રવચન હશે.

અહીં અમારા ઉતારાના ઓરડામાંથી સામેનાં મકાનોના નળિયાં દેખાય છે. લાલ, લીલાં ને કથ્થઈ રંગનાં નળિયાં જોવા મળે છે. માળવાળાં ઘરો અહીં ઓછાં જોવા મળે છે. અમારા ઉતારામાં ૫ બેડરૂમ, ૧ બેઠકરૂમ, ૧ રસોડું ને બહાર મોટો ઓટલો છે. વળી, ઘરની ફરતે બાગ છે, જેમાં દાડમ, સફરજન, પેર વગેરે ફળોનાં ઝાડ છે. ગુલાબ, ગલગોટાનાં ફૂલો, ફૂદીનો, રીંગણ, લીલી મેથી પણ તેમાં થાય છે. કુદરતી સૌંદર્ય સારું છે. મુલાકાતીઓ એ બાગમાંથી જ ફૂલો તોડીને પૂ.શ્રીનાં શ્રીચરણે ધરે છે. એ કેટલે અંશે યોગ્ય છે તે તો તોડનાર જ જાણે!

ખાસ કોઈ ચર્ચા થતી નથી. સત્યસાંઈ મંડળના ચેરમેન શ્રી જેકસન પૂ.શ્રીનો આભાર માનતો એક પત્ર આપે છે. તેમાં તેઓ લખે છે કે, તમારાં પ્રવચનોથી અમને ઘણું જાણવાનું મળ્યું. મારો આખો પરિવાર તમારામાં શ્રદ્ધા રાખે છે. અમને આશીર્વાદ આપો કે અમારું જીવન સુખી થાય. દરરોજની મુલાકાતમાં પણ પ્રશ્નોત્તરીથી મને ઘણું ઘણું જાણવાનું મળ્યું છે તે બદલ પણ આપનો ખૂબ ખૂબ આભાર.

સાંજે પ્રવચન પહેલાં ધ્યાનની બેઠક થઈ. તેમાં સારી

હાજરી હતી. નાનાં ભાઈબહેનો પણ હતાં. તેમને પણ પૂ.શ્રીએ આસનો કરાવ્યાં.

આજે પ્રવચન પહેલાં અહીંના જાણીતા સેવાભાવી ડૉકટર શ્રી શશીકાન્તભાઈએ સ્વાગત-પ્રવચનમાં જણાવ્યું: યોગેશ્વરજી સિદ્ધપુરુષ છે. તેમના વધુ પરિચયમાં આવીએ તેમ તેમ તેમની મહાનતાનો ખ્યાલ આવે છે. તેમના પગલે અહીં દરેક સ્થળે વરસાદ વરસી રહ્યો છે. દેશને જેની ખાસ જરૂર છે તે વરસાદ આ મહાન સંતોના પગલે વરસી રહ્યો છે. યુગે યુગે ભગવાન જન્મ લે છે તેમ શ્રી યોગેશ્વરજી પણ એવા ધર્મકાર્ય માટે જ પૃથ્વી પર પ્રકટ્યા છે. એમનું ‘પ્રકાશના પંથે’ પુસ્તક વાંચવાથી ખ્યાલ આવે છે કે તેઓને જુદા જુદા સ્વરૂપે પ્રભુનાં દર્શન થયાં છે. છેલ્લા કેટલાય દિવસોથી એમનાં પ્રવચનોનો લાભ આપણે લઈએ છીએ. આજે મને મંદિર વતી ને તમારા સૌ વતી મહાત્માજીનો સત્કાર કરવાની જે તક મળી છે તે બદલ હું ધન્યતા અનુભવું છું.

એમ કહી તેઓ ફૂલહાર ને કલગીથી અમારું સ્વાગત કરે છે. પ્રવચન ગુજરાતીમાં થયું, જેનો અંગ્રેજી સારાંશ પાછળથી પૂ.શ્રીએ જ કહી સંભળાવ્યો.

પ્રવચન બાદ આરતી થઈ. પ્રસાદ લઈ સૌ છૂટાં પડ્યાં. ઉતારા ઉપર છૂટાં પડતાં પહેલાં ડૉકટર સાથે ઝામ્બિયાના એક અનુભવની ચર્ચા થઈ. દૂધ પીને આરામ કર્યો.

હરિઃ ૐ

**—‘મા’ સર્વેશ્વરી**



# ॥ ગુરુમહિમા ॥

ભારતના મહાન સ્વાનુભવસિદ્ધ આધ્યાત્મિક જ્યોતિર્ધર શ્રી રામકૃષ્ણ પરમહંસદેવે એમના ભક્તોને એકવાર કહેલું કે દીક્ષાગુરુ એક, શિક્ષાગુરુ અનેક. ભક્તોએ પ્રશ્ન પૂછેલો કે ગુરુ એક હોય કે અનેક હોય ? એના પ્રત્યુત્તરમાં એમણે એવું વિધાન કરેલું. પોતાના વિધાનના અનુસંધાનમાં એને અધિક સ્પષ્ટ કરતાં એમણે જણાવેલું કે ભાગવતમાં ભગવાન દત્તાત્રેયના અનેક ગુરુઓની કથા આવે છે. એ બધા જ્ઞાત-અજ્ઞાત, સામાન્ય-અસામાન્ય ગુરુઓ પાસેથી એમણે એક અથવા બીજી જાતની જીવનોપયોગી શિક્ષા ગ્રહણ કરેલી. એવી રીતે માનવની આંખ ઉઘાડી હોય, માનવના કાન ખુલ્લા હોય અને એનું મન ગ્રહણશીલ હોય તો એ પોતાની આજુબાજુના જીવનમાંથી, નિસર્ગમાંથી, અને વિવિધ વ્યક્તિઓના વ્યક્તિત્વમાંથી ઘણું ઘણું શીખી શકે છે. જીવન તે જગતવિશ્વવિદ્યાલય અથવા શાસ્ત્ર બને છે. ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની કથાનો ભાગવતોક્તસાર એજ છે. જીવનનું શિક્ષણ કદી પણ પૂરું નથી થતું અને શીખવા માગનાર જીવનના છેલ્લા શ્વાસ સુધી કાંઈ ને કાંઈ મહત્ત્વનું મહામૂલ્યવાન શીખી શકે છે.

એ થઈ શિક્ષાગુરુની વાત. પરંતુ દીક્ષાગુરુ અધિકતર કોઈ વિરલ અવતારને બાદ કરતાં એક જ હોય છે. દીક્ષાગુરુ મંત્ર આપે છે, ધ્યાનની ગૂઢ કલ્યાણકારિણી પ્રક્રિયા બતાવે છે, આત્મજ્ઞાનનો ઊર્ધ્વગામી ઉપદેશ આપે છે અને આત્મસાક્ષાત્કારનો આદર્શ રજૂ કરીને શિષ્ય કે સાધકને એની

પૂર્તિના પ્રયત્નોની પ્રામાણિક પ્રબળ પ્રેરણા પૂરી પાડે છે. જીવનમાં આવશ્યકતાનુસાર પાવન પથપ્રદર્શન પૂરું પાડે છે. પ્રકાશ પહોંચાડે છે. સાધકના પરમકલ્યાણની કામના કરીને સાધકને સમુચિત સાધનાથી સુપરિચિત બનાવે છે. એવા એવા સદ્‌ગુરુના અથવા દીક્ષાગુરુના જેટલાં ગુણગાન ગાઈએ એટલાં ઓછાં છે. સંતપુરુષોએ અથવા શાસ્ત્રોએ એમને 'કૃપાસિંધુ નરરૂપ હરિ' કહ્યા છે. એ કૃપાના સાગર અને માનવરૂપે પ્રભુ પોતે હોય છે. સંતશિરોમણિ તુલસીદાસ મહારાજે રામચરિતમાનસમાં એમની પ્રશસ્તિ કરતાં જણાવ્યું છે કે મહામોહરૂપી અંધકારનો ભંડાર એમના સદ્‌વચનોરૂપી સૂર્યકિરણોના પ્રભાવથી નાશ પામે છે. અંતરમાં અને અણુએ અણુમાં પ્રજ્ઞાનો પવિત્રતમ પ્રકાશ પથરાય છે. 'મહામોહતમ્ પુંજ જાસુ વચન રવિકરનિકર.'

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ।**
**ગુરુસાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવેનમઃ॥**

ગુરુની પ્રશસ્તિ કે સ્તુતિના એ પ્રાચીન સુપ્રસિદ્ધ શ્લોકમાં સદ્‌ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર તથા પરબ્રહ્મની સાથે સરખાવ્યા છે. એનો સારસંદર્ભ સમજવા જેવો છે. બ્રહ્મા જગતને ઉત્પન્ન કરે છે એવું કહેવાય છે. વિષ્ણુ પોષણ કરે છે ને મહેશ સંહાર. સદ્‌ગુરુ પણ એવી રીતે ત્રિવિધ કલ્યાણકાર્યને કરતા હોય છે. એ શરણાગત-શાંતિ, મુક્તિ, પૂર્ણતા, સ્વરૂપસાક્ષાત્કારની અભિલાષાવાળા શિષ્ય કે સાધકના જીવનમાં સદુપદેશ, સાધના કે મંત્રની અભિનવ સૃષ્ટિ સરજે છે. નવા વિચારો, ભાવો,



સંસ્કારો, સિદ્ધાંતો, આદર્શો, વ્રતો કે નિયમોનું નિર્માણ કરે છે. વિષ્ણુની પેઠે એ ભાવો, સંસ્કારો, વિચારો, આદર્શો કે સાધનાનાં બીજોનું પોષણ પણ કરે છે. માળી જેમ પોતાના તૈયાર કરેલા ઉદ્યાનની સુચારુરૂપે સંભાળ રાખે છે તેમ આદર્શ ગુરુ શિષ્યનો પરમહિતચિંતક બનીને એને આત્મસાધનાના મંગળમાર્ગે અનવરત રીતે આગળ વધારે છે. પ્રલોભનો, વિઘ્નો, વિરોધ, પ્રમાદ ભયસ્થાનોથી રક્ષે છે. જ્યાં સુધી એ ધ્યેયપ્રાપ્તિ દ્વારા ધન્ય બનતો નથી ત્યાં સુધી નિરાંત નથી અનુભવતો. મહેશ વિસર્જનના કે વિનાશના દેવ મનાય છે તેમ ગુરુ પણ કઠોર બનીને શિષ્યના જીવનની ત્રુટિઓ, ક્ષતિઓ, નિર્બળતાઓ, મમતાઓ અને આસક્તિઓનો અંત આણે છે. એની ક્રમશઃ કાયાપલટ કરે છે. એના સર્વે અશુભનો નાશ નોતરે છે. પ્રેમાળ પિતા બનીને, મમતાળુ માતા બનીને, સન્મિત્ર કે સખા થઈને અને એથીયે અધિક બનીને, પરમાત્માના પ્રતીક કે પ્રતિનિધિ તરીકે એને આગળ વધારે છે. ક્લેશમુક્ત પ્રશાંત કરે છે. એટલે જ ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મ-પરમાત્મા કહેવામાં આવ્યા છે. એમની જેટલી પણ પ્રશસ્તિ કરીએ એટલી ઓછી છે. એમના ઉપકારને કોઈ યે કોઈ રીતે ના વર્ણવી શકે.

**—શ્રી યોગેશ્વરજી**
**(આત્માની અમૃતવાણી)**

**'આ તારા અને મારા અંધારા શરીરમાં જે દીવાની જ્યોત જેવી મહાચેતના છે એ જ તો ઈશ્વર છે—એ જ તો ઈશ્વર છે.'**

**—અમૃતા પ્રીતમ**

## ॥ 'મા' સર્વેશ્વરીની અનન્ય ગુરુભક્તિ ॥

'મા'ની ગુરુભક્તિ અનન્ય, અનુપમ અને અદ્વિતીય એટલા માટે સિદ્ધ થઈ શકે કે, એમણે અનુપમ એવું શિષ્યત્વ ધારણ કર્યું, જે હરીફરીને એક જ વાત ઘૂંટે છે : 'હું છું જ નહીં, હું તો ગળી ગઈ છું, ભળી ગઈ છું, એકરૂપ થઈ ગઈ છું પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી ગુરુમાં.' આવાં સંપૂર્ણ સમર્પિત 'મા'નું નિર્માણ જાણે પંચમહાભૂત તત્ત્વોમાંથી નહીં પણ નરી ગુરુભક્તિમાંથી જ ન થયું હોય ! સંત શ્રી જ્ઞાનેશ્વરના શબ્દોમાં કહીએ તો; 'જેણે પોતાનાં શરીરને ગુરુભક્તિનું મંદિર બનાવ્યું છે. જેવી રીતે વિરહિણી પતિવ્રતા નિરંતર પતિનું જ ચિંતન કરે તે રીતે જે દેશમાં ગુરુનું ગૃહ હોય તે જ દેશ જેના મનમાં નિરંતર ઘોળાયા કરે છે. તે દિશામાંથી આવેલા પવનને પણ જે સામે જઈ નમસ્કાર કરે છે અને 'મારે ઘેર પધારો' એવી પ્રાર્થના કરે છે.'

અંતઃકરણમાં અત્યંત પ્રેમયુક્ત થઈ જે શ્રીગુરુની મૂર્તિની ધ્યાનોપાસના કરે છે અને પોતાના શુદ્ધ હૃદયરૂપી મંદિરમાં પોતાના આરાધ્યદેવ શ્રીગુરુની સ્થાપના કરીને પોતે જ પોતાની ભાવનાથી એની પૂજાનું સાહિત્ય બને છે.

જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી ગુરુની આવી જ સેવા કરીશ. હું જ શ્રી ગુરુનું નિવાસગૃહ થઈશ અને એમાં દાસ બની એમની સેવા કરતો રહીશ. જતાંઆવતાં ગુરુ જે ઉંબરાને ઓળંગે તે ઉંબરો પણ હું જ થઈશ અને દ્વાર પણ હું થઈશ તથા દ્વારપાળ પણ હું જ બનીશ. હું ગુરુની પાદુકા થઈને તે પાદુકા ગુરુના ચરણમાં પણ હું જ પહેરાવીશ. છત્ર પણ હું જ બનીને તેને ગુરુના મસ્તક પર હું જ ધરીશ.



શ્રી ગુરુનાં નયનો જે જે રૂપોનું પ્રેમથી અવલોકન કરશે તે સર્વ રૂપો પણ હું જ બનીશ. તેમની જિહ્‌વાને જે જે પદાર્થો ભાવશે તે તે સર્વ હું જ થઈશ. હું જ સુવાસરૂપ બનીને તેમની ઘ્રાણેન્દ્રિયની સેવા કરીશ. એવી રીતે સર્વ પ્રકારે ગુરુની બાહ્ય સેવા કરીને ગુરુને જોઈતી સર્વ વસ્તુઓ હું જ બની, સર્વ તરફથી એમને વ્યાપી લઈશ. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી ગુરુની આવી જ સેવા કરીશ.

આ શરીરની માટી પૃથ્વીના એ ભાગમાં ભેળવી દઈશ કે જ્યાં શ્રીગુરુનાં ચરણોનો સ્પર્શ થયો છે. જે જળલહરીઓને એમણે સ્પર્શ કર્યો છે એ જળમાં હું મારા જળતત્ત્વને ભેળવી દઈશ. જે દીપકથી લોકો શ્રીગુરુની આરતી ઉતારે છે એ દીપકમાં હું મારું તેજ ભેળવી દઈશ. જે સ્થળે શ્રીગુરુને પંખા-ચામરથી પવન નંખાયો છે તે સ્થળે હું મારા પ્રાણવાયુનો લય કરીશ. જે અવકાશમાં શ્રીગુરુ વસે છે એ અવકાશમાં મારો અવકાશ મેળવી દઈશ. આ પ્રમાણે જીવંત અવસ્થામાં કે મૃત્યુ પછી પણ હું શ્રીગુરુની સેવા કર્યા વિના રહીશ નહીં.'

'મા' સર્વેશ્વરીએ પોતાના સદ્‌ગુરુની આવી જ ભક્તિ શ્રી યોગેશ્વરજીના જીવનકાળ દરમિયાન સતત હૃદયે ધારી-અનુભવી-આચરી. આજે એમના નિર્વાણના-મહાપ્રયાણના ૩૦-૩૦ વર્ષ પછી પણ એવી જ સ્થિરદ્યુતિ એ ધારે છે. જાણે સંત જ્ઞાનેશ્વરના શબ્દો 'મા' સર્વેશ્વરીની અજર-અમર ગુરુભક્તિ-બઢત-બઢત સવાયો પ્રીતિરૂપે આજે પણ મહેકે છે, સારી સૃષ્ટિમાં પ્રસરે છે. 'મા'ના પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસમાં, પ્રત્યેક હલનચલનમાં, એકેએક ગતિવિધિમાં 'તૂ હી, તૂ હી'નો સ્વર ગુંજે છે. આત્મકલ્યાણની સતત ઝંખના અને માનવકલ્યાણની અભીપ્સા જેમના લોહીનો લય બની ગઈ છે. જે પોતાના

અસ્તિત્વનો અંશેઅંશ ગુરુમહિમા કાજે ખર્ચી રહ્યાં છે. ઉગ્ર તપશ્ચર્યા, કઠોર સાધનાના સાતત્ય છતાંયે ચહેરા પર સદા સ્મિત, પ્રસન્નતા ધારતાં 'મા' આજના યુગનો ચમત્કાર છે. આ શ્વેતવસ્ત્રધારિણી, નિરાહારી, મૌનમયી 'મા' અત્યંત નિખાલસ, નિરાડંબરી, નિર્મળ, સહજ અને નિર્વ્યાજ પ્રેમની પ્રતિકૃતિ છે. જડ-ચેતન સર્વ અંશો પર સહજ અનુકંપા વરસાવતાં આ 'મા'નો અહૈતુક કૃપાપ્રસાદ એમનું જાણે ઓળખપત્ર છે.

પૂજ્યશ્રી'મા'ને મહાત્મા શ્રી યોગેશ્વરમાં કેવળ સદ્ગુરુ કે પ્રભુના પ્રતિનિધિ જ નહીં, સ્વયં પ્રભુ પ્રતીત થયા; એનું કારણ એ કે, 'મા' ને એમનામાં શિવ અને શ્રીકૃષ્ણ બંનેનું સારતત્ત્વ દેખાયું. વિમલા ઠકાર કહે છે તેમ, 'આપણી સંસ્કૃતિમાં આ બે 'પરમ ગુરુ' મનાયા છે. 'કૃષ્ણ' એટલે જ્ઞાન જેમની મુદ્રા, પ્રેમ જેનું શીલ, અન્યાયનો પ્રતિકાર જેનો પ્રાણ. જેણે પોતાને માટે ક્યારેય કશું કર્યું નથી. ન કોઈના સંગે રંગાયા, ન કોઈનો દ્વેષ કર્યો અને સૌને પોતાનાં કર્યાં આવા ચિત્તને આકર્ષતા શ્રીકૃષ્ણનું સારતત્ત્વ નિહાળ્યું. તો 'શિવ' એટલે સર્વદા સર્વના મંગળકર્તા. એમની બધી જ વિશિષ્ટતાઓ પાછળ એક સંકેત છે. 'શંકર' જે સૌનું કલ્યાણ કરે. 'નીલકંઠ' સૌનાં વિષ હજમ કરી, અમૃતપાન કરાવે, 'ભુજંગ' જે વાસના-વિકાર-અહંકારનું ગરલ કરે, 'ચંદ્ર' જે ચિત્તમાં સદા સમતાની શીતળતા પ્રસારે, 'સ્મશાન' જે નિર્લેપ-નિરાકારનું પ્રતીક બને જે કશાયથી-બંધાય નહીં, જેનું મસ્તક તણાવમુક્ત હોય એ સદા શિવ. એ સદાશિવનું સારતત્ત્વ જોયું-અનુભવ્યું અને એટલે જ એમણે પહેલાં 'ૐ નમઃ શિવાય', પછી 'જય ગોપાલ' અને પછી 'શ્રી યોગેશ્વરાય નમઃ'નો મંત્ર સ્વીકાર્યો.

—તરલા દેસાઈ



# ॥ ગુરુ ॥

**● ગુરુ વિના જ્ઞાન મળે ખરું ?**

હું જે અત્યારે કહું છું તે જ ગુરુ કહેશે. અર્થાત્ આપણી પાસે જે નથી, એવું કંઈ ગુરુ આપશે નહીં. જે આપણે પહેલેથી પ્રાપ્ત નથી કર્યું એવું કંઈ આપણને પ્રાપ્ત થવું અશક્ય છે. કદાચ આપણને એવું કંઈ મળી પણ આવે તો તે જેવું આવ્યું છે તેવું જતું રહેશે.

આપણી પાસે જે નથી એવું કંઈક નવું ગુરુ આપણને આપી શકે નહીં. આપણે આત્મસાક્ષાત્કાર નથી કર્યો એવા ખ્યાલને હટાવી દઈએ એટલું જ પર્યાપ્ત છે.

**● સાંભળ્યું છે કે આપ ગુરુનું માર્ગદર્શન અનિવાર્ય નથી ગણતા ?**

મેં એવું કહ્યું નથી, પણ ગુરુ હંમેશાં માનવરૂપે જ હોય એ જરૂરી નથી. પહેલાં તો વ્યક્તિ એવું વિચારે કે પોતે લઘુ છે અને જે પોતાની તેમ જ જગતની નિયતિ પર નિયંત્રણ ધરાવે છે તે પ્રભુ સર્વજ્ઞ, સર્વોત્તમ અને સર્વશક્તિમાન છે. પછી તે ભગવાનની પૂજા, આરાધના કે ભક્તિ કરે. જ્યારે તે અમુક ચોક્કસ કક્ષાએ પહોંચશે ત્યારે તે જાગૃતિ માટે અધિકારી બનશે અને એ જ ઈશ્વર કે, જેને તે આરાધે છે તે ગુરુ તરીકે આવી તેને દોરશે. તે ગુરુ પણ તેને એટલું જ કહેવા આવશે કે, 'ઈશ્વર તારી ભીતર જ વસે છે. ભીતર ઝાંખ અને પ્રતીત કર.' ખરેખર તો ઈશ્વર, ગુરુ અને આત્મા એક જ છે.

**• ગુરુની કૃપા મેળવવા મારે શું કરવું ?**

ગુરુની કૃપા તો હંમેશ હોય છે જ. તમે એવું કલ્પી લો છો કે, એ આકાશમાં અધ્ધર રહેલી કોઈ વસ્તુ છે, દૂરાતિદૂર છે, અને ત્યાં સુધી તમારે પહોંચવાનું છે ! એ ખરેખર તો તમારા અંતસ્તલમાં છે, તમારા હૃદયમાં છે. જે ક્ષણે તમારું મન મૂળ સાથે તદાકાર થઈ જશે ત્યારે ગુરુની કૃપા તમારી ભીતરથી જ અંતર્ઝરાની જેમ ફૂટશે !

**• તમારા તો કોઈ ગુરુ ન હતા ને ?**

આખું વિશ્વ મારું ગુરુ હતું.

**• 'આધ્યાત્મિક હરક્યુલસ' જેવા આપને ગુરુની શી જરૂર ?**

વિશ્વનો પ્રત્યેક પદાર્થ મારો ગુરુ હતો. દત્તાત્રેયે કહ્યું જ હતું ને કે, જળ, અગ્નિ, પ્રાણીઓ, મનુષ્યો બધા એમના ગુરુ હતા. તેમણે પોતાની આ પ્રતીતિ સમજાવતાં કહ્યું હતું : 'કેટલાકે જે સારું હતું તેને સ્વીકારવાનું શીખવાડ્યું અને બીજાએ જે નરસું હતું તેને ત્યાગવાનું શીખવાડ્યું.'

**• ગુરુ શિષ્યને કઈ રીતે દોરે છે ?**

ગુરુ શિષ્યને પોતાની પસંદગીના રસ્તે જવાની છૂટ આપે છે. તેને તે બળજબરીથી બીજા રસ્તા પર લાવવા કોશિશ નથી કરતો.

ગુરુ શિષ્ય સાથે શિષ્યના રસ્તા પર જ જશે અને યોગ્ય ક્ષણે ઉત્તમ માર્ગ તરફ ધીમેથી તેને વાળી દેશે, નહીં તો કોઈ કાર બેફામ ગતિએ પૂરપાટ જતી હોય ત્યારે તેને એકદમ અટકાવવા કે બીજે વાળવા જઈએ તો તેનું પરિણામ બહુ ભયંકર આવે.



**• હું આપનું શિક્ષણ ગ્રહણ કરી એને અનુસરવા પ્રયત્ન કરું તો આપને મારા ગુરુ કહી શકું ? (મારી જાતને આપનો શિષ્ય ગણી શકું ?)**

બધું છેવટે તો ભીતરથી પ્રગટે છે. પહેલાં માણસ અનુભવે કે પોતે સંસારનાં બંધનોમાં બદ્ધ છે અને પોતે નિર્બળ અને દુઃખી છે, તેથી જ્યાં સુધી તે સર્વશક્તિમાન પ્રભુને શરણે જઈ તેમની સહાય નહીં મેળવે ત્યાં સુધી તે બંધનમાંથી બહાર આવી શકશે નહીં. પછી તે પ્રભુની ભક્તિમાં એવો લીન થઈ જાય કે સ્વત્વ વીસરી પ્રભુમય બની સંપૂર્ણ શરણાગતિ સિદ્ધ કરે અને એ ક્ષણે મનુષ્યરૂપ લઈ ગુરુ તરીકે આવી એના ભક્તને શીખવે કે, આત્મા એક જ છે અને તે એની ભીતર છે.

આમ ભક્ત કે શિષ્યને જ્ઞાન પ્રાપ્ત થતાં સમજાય છે કે, ઈશ્વર કે જેની તે ભક્તિ કરતો હતો તે, ગુરુ કે જે માનવરૂપે પ્રગટ્યા તે અને પોતાનો આત્મા-આ સર્વ એક જ છે.

**• એક વ્યક્તિ બીજી વ્યક્તિમાં તલાવેલી પ્રગટ કરી શકે ? ગુરુ શિષ્યનું જાદુઈ રૂપાંતર કરી શકે ?**

તમારી ગુરુની વિભાવના શું છે ? તમે તેને ચોક્કસ પરિમાણો અને રંગરૂપ ધરાવતા માનવરૂપે વિચારો છો ?

શિષ્ય પ્રબુદ્ધ થતાં ગુરુને કહેશે : 'મારા બધા જ અગણિત જન્મોમાં મારા અંતસ્તલમાં એક સત્ય તરીકે રહેલા આપને મેં અનુભવ્યા છે. હવે આપ માનવરૂપે મારી સન્મુખ પ્રગટ્યા છો અને મારા અજ્ઞાનનું આવરણ દૂર કર્યું છે. આવી મહાન કરુણાનો બદલો હું કેમ કરીને વાળું ?' ગુરુ કહેશે, 'તમારે કંઈ જ કરવાની જરૂર નથી. તમે તમારા સાચા સ્વરૂપમાં જેમ છો તેમ રહો એટલે બસ.'

આ જ ગુરુનું સાચું સ્વરૂપ છે.

**● ગુરુ વિદેહ થયા પછી પક્વ દશાવાળા આત્માને માર્ગદર્શન આપી શકે પણ અપક્વ આત્માનું શું ?**

જો જ્ઞાની (ગુરુ) વિશ્વમાં રહે તો તેનો પ્રભાવ તેના નિકટના શિષ્યો જ નહીં, વિશ્વના તમામ લોકો અનુભવી શકે છે.

ઈશ્વર, ગુરુ અને આત્મા એક જ છે. ભક્તિ જ્યારે તમને પક્વ બનાવે ત્યારે ઈશ્વર ગુરુરૂપે આવી તમારા મનને અંદર તરફ ધકેલે છે. ભીતર આત્માની જેમ તે તમને અંદર ને અંદર ખેંચે છે. આવા ગુરુનું હોવું આવશ્યક છે. અલબત્ત, પોતાના ગુરુની અનુપસ્થિતિમાં માણસ બીજા ગુરુ પાસે જઈ શકે. બધા ગુરુ એક જ છે, કારણ કે એ કોઈ આકાર કે દેહ નથી.

પણ માનસિક સંગત હંમેશાં શ્રેષ્ઠ હોય છે.

**● જુદા જુદા રાહો દર્શાવતા ઘણા આધ્યાત્મિક ગુરુઓ છે. મારે કયા ગુરુ કરવા ?**

જ્યાં તમને શાંતિ મળે તે પસંદ કરો.

**● ઘણા ગ્રંથોમાં ગુરુ દ્વારા શિષ્યને દીક્ષા આપવાની વાત આવે છે. ભગવાન કેમ આવું કંઈ કરતા નથી ?**

એ વાત સાચી છે કે, ગ્રંથો ત્રણ પ્રકારની દીક્ષાનો ઉલ્લેખ કરે છે : દર્શન, સ્પર્શ અને વિચાર દ્વારા અપાતી દીક્ષા. પણ વિચાર દ્વારા અપાતી દીક્ષા શ્રેષ્ઠ છે.

**–શ્રી રમણ મહર્ષિ**



# ॥ દુર્લભ શિષ્યત્વ ॥

જિજ્ઞાસુને ગુરુ તો મળી જાય છે પરંતુ ગુરુને કોઈ યોગ્ય શિષ્ય મળવો દુર્લભ છે. જેની ગ્રહણશક્તિ પરિપક્વ હોય, સંવેદનશીલતા સૂક્ષ્મ હોય, જે વાસનાઓથી દૂષિત ન હોય તે સદ્ શિષ્ય.

ખાંડાની ધાર જેવા અધ્યાત્મમાર્ગે ચાલવા એવા ગુરુને દ્વારે જવું પડે, જેણે સઘળું જીતી લીધું છે. ને સમજ જીવનમાં ઉતારી છે, જેથી તમારું શિક્ષણ એ સમજણમાં સ્વયં ખીલી ઊઠે.

શીખવાના ત્રણ તબક્કા છે :

(૧) શાબ્દિક વાર્તાલાપ (ધ્યાનપૂર્વક સાંભળવું)

(૨)નિરીક્ષણ (પ્રબુદ્ધ વ્યક્તિના વર્તન-વ્યવહારનું)

(૩) ગ્રહણશીલતા (ગુરુની ઉપસ્થિતિ ભાષા બની જાય)

તમારામાં કશાકનો સંચાર થાય, જે તમારી-ગુરુની જાણ બહારનો હોય.

અહી સીધાં ચઢાણ છે. શારીરિક-માનસિક-બૌદ્ધિક સ્તરે તદ્રૂપતાનો ભાવ છોડવો પડે. 'ગુરુ' સાથે 'આત્મીય સહવાસ' હોય તો આ સરળ બને. કેમકે ગુરુ નિર્બળને અમરત્વના સંતાન કરી, જીવનની દિવ્યતાનું સ્મરણ કરાવે. ઊર્ધ્વારોહણ કરાવનારી સહાય કે શક્તિ પુસ્તકોથી પ્રાપ્ત થતી નથી. એક આત્માને આની પ્રાપ્તિ બીજા આત્માથી જ થઈ શકે.

આધ્યાત્મિક શક્તિ જાગૃત કરવા માટે કોઈ સમર્થ વ્યક્તિ પાસેથી શક્તિનો સંચાર થવો જોઈએ. ગુરુ જે શક્તિના સંક્રામક છે, તેનામાં સંચાર કરવાની શક્તિ હોય અને જેણે એ ગ્રહણ કરવાની છે તેનામાં ગ્રહણશીલતા હોય. બીજ સજીવ, ઉમદા, જમીન બરાબર ખેડાયેલી હોય. બંને અદ્ભુત અસાધારણ હોય ત્યારે 'આધ્યાત્મિક ઉન્નતિ' શક્ય બને, તે સિવાય નહીં.

**–વિમલા ઠકાર**

## ॥ ગીતાનો અમર ઉપદેશ ॥

**કુતસ્ત્વા કરમલમિદં વિષમે સમુપસ્થિતમ્।**
**અનાર્ય જુષ્ટમ સ્વર્ગ્યમે કીર્તિકરમર્જુના॥**

અર્જુન ! કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવોની સામે લડવા માટે તું મને તારા રથનો સારથિ બનાવીને શસ્ત્રસજ્જ થઈને હજુ તો હમણાં જ આવ્યો છે અને એટલામાં, કૌરવ સેના તરફ દૃષ્ટિપાત કરતાંવેત જ, આ અનાર્યને છાજે એવો, સ્વર્ગને ન આપનારો તથા અપયશનો ભાગી કરનારો, શોક તને ક્યાંથી થયો ? અરે, તારા જેવા શૂરવીરને શું આવો શોક છાજે છે ? તું શબ્દો તો પંડિતના જેવા બોલે છે પરંતુ તને ખબર નથી કે પંડિત આવી રીતે મિથ્યા વિષાદ કે વ્યામોહમાં નથી પડતા. તે તો ફરજ, જવાબદારી કે સ્વધર્મનો વિચાર કરીને, કર્તવ્યના પાલન માટે જ તૈયાર રહે છે. કોઈ લાગણીમાં અટવાઈ જઈને કે ક્ષણિક મોહવૃત્તિના શિકાર બનીને, કર્તવ્યવિમુખ થવાને બદલે, બધા સંજોગોમાં કર્તવ્યને જ વફાદાર રહે છે. માટે કાયરતાનો ત્યાગ કર અને હૃદયની ક્ષુલ્લક દુર્બળતાને છોડી દઈને, યુદ્ધના મેદાનમાં એક મહારથીને છાજે એવી રીતે લડવા માટે તૈયાર થઈ જા. તારે અહીં એકલા અર્જુન તરીકે નથી લડવાનું. પરંતુ પાંડવોના પ્રતિનિધિ તરીકે લડવાનું છે. ન્યાય ને નીતિના પુરસ્કર્તા કે પક્ષપાતી તરીકે, અને જેની સામે લડવાનું છે તે પક્ષમાં એકલો દુર્યોધન કે કૌરવો નથી, પરંતુ અન્યાય, અનીતિ, અસત્ય, અનાચાર, અધર્મ, અથવા છલકપટ છે. કુરુક્ષેત્રના રણમેદાનમાં એકઠી થયેલી અઢાર અક્ષૌહિણી સેના કૌરવ ને પાંડવની સેના નથી, પરંતુ ધર્મ વિરુદ્ધ અધર્મ, નીતિ વિરુદ્ધ



અનીતિ, અને પ્રામાણિકતા વિરુદ્ધ અપ્રામાણિકતાની સંમિશ્રિત સેના છે. આ યુદ્ધ, તેં અને તારા સાથીઓએ માગેલું નથી, પરંતુ તારા પર ઠોકી બેસાડવામાં કે લાદવામાં આવેલું છે અને સ્વધર્મની રક્ષા માટે તે તારે લડવું પડશે. તારો ધર્મ તને એ માટે હાકલ કરી રહ્યો છે. આવે વખતે તારા મૂળ ધર્મને મૂકી દઈને, તું ભિક્ષુ કે પરિવ્રાજકનો વેશ લઈને નારાયણહરિ કરીને પેટ ભરવાનો વિચાર કરે, તે હું નહીં સાંખી શકું. કદાપિ નહીં. એવું પેટ તો કાગડા પણ ભરે છે તો તારામાં અને એમનામાં શું ફેર ? તું વીર અર્જુન છે તેનો વિચાર કર અને આ ક્ષણિક, વચગાળાના વ્યામોહનો ત્યાગ કર. મારા હાથમાં હથિયાર બનીને આતંકકારી કૌરવદળનો નાશ કર ને વિજયને વરી લે.

કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણે કહેલી આ વાણી ગીતા ને મહાભારતમાં આજે પણ અમર છે. યુગો વીતી ગયા છતાં પણ એ એવી જ તાજી છે, કારણ કે એ જે કટોકટીમાં કહેવાઈ છે તે કટોકટી અવારનાર આવતી જ રહી છે, અને જે અર્જુનને કહેવાઈ છે તે અર્જુનના જેવા શૂન્યમનસ્ક, કિંકર્તવ્યવિમૂઢ, વિષાદમગ્ન, કર્તવ્યનો નિર્ણય કરવામાં અકુશળ, એવા માનવઅર્જુનો પૃથ્વી પર થતા જ રહ્યા છે. અનંત કાળથી તે છેક આજલગી એમનો પ્રવાહ ચાલુ જ રહ્યો છે, અને ચાલુ જ રહેવાનો છે. એટલે એ વાણી માનવના મનને પ્રેરણા આપનારી સનાતન વાણી બની ગઈ છે.

અર્જુન આવેલો તો લડવા : પરંતુ યુદ્ધના મેદાનમાં મિત્રો ને સ્નેહીજનોને જોઈને એનો ઉત્સાહ ઓસરી ગયો અને એના પગ ઢીલા થઈ ગયા. જો એ એકલો જ હોત તો તો ગાંડીવને મૂકીને રણમેદાનમાંથી વિદાય થાત તેમાં કશી હરકત ન હતી પરંતુ તેને માથે તો મોટી જવાબદારી હતી. એ જવાબદારીના ભાન સાથે

તો એ કુરુક્ષેત્રની ભૂમિમાં ભગવાન કૃષ્ણને પોતાના રથના સારથિ બનાવીને આવી પહોંચેલો. હવે એ ક્ષણિક વ્યામોહને વશ થઈને યુદ્ધનો ત્યાગ કરવાની વાત કરે એ કૃષ્ણ કેવી રીતે સાંખી લે ?

શ્રીમદ્ ભગવદ્ગીતાના જન્મનું કારણ એ જ છે. એ સમસ્યામાંથી જ એનો પ્રાદુર્ભાવ થયો છે. ગીતાની એ પ્રેરક વાણીને સાંભળીને અર્જુનનો વ્યામોહ દૂર થયો, એની ભ્રમણા ટળી ગઈ, અને એને કર્તવ્યનો સાચો પંથ લાધી ગયો. અર્જુને કહ્યું પણ ખરું કે મારો મોહ મટી ગયો છે. તમારા અનુગ્રહને પરિણામે મને પ્રકાશની પ્રાપ્તિ થઈ છે. મને કોઈ પ્રકારનો સંદેહ નથી રહ્યો. તમારા આદેશપ્રમાણેનું વર્તન કરવા હું કૃતસંકલ્પ બનીને ઊભો છું.

જ્યારે જ્યારે કર્તવ્યના ક્ષેત્રમાં પ્રમાદ થાય, બુદ્ધિ ભ્રાંત બની જાય, અને સારાસારનો વિવેક ખોઈ બેસે, ત્યારે ગીતા પ્રકાશ પૂરો પાડે છે, પ્રેરણા પહોંચાડે છે, સાચા માર્ગનું દર્શન કરાવે છે. કર્તવ્ય પાલન કરતાં, ન્યાય ને નેકીને માર્ગે ચાલતાં, મરણને શરણ થવું પડે તોપણ ભલે. એ મરણ માનવંત કે કલ્યાણકારક છે; પરંતુ સ્વધર્મ, ફરજ કે કર્તવ્યનો ત્યાગ સદા ભયંકર છે, હાનિકારક છે, અમંગલ છે. ગીતાનો એ ઉપદેશ વ્યક્તિ તથા સમષ્ટિને નવું બળ પૂરું પાડે છે. આજે પણ એ એટલો જ અસરકારક છે.

''સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ'' કર્તવ્ય કરતાં કરતાં ખપી જવું કલ્યાણકારક; એથી ઊલટું અકલ્યાણકારક.

**શ્રી યોગેશ્વરજી**

**(આત્માની અમૃતવાણી)**



# ॥ શ્રેય અને પ્રેય ॥

કઠ ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે-

**શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમતેવ તૌ સંપરીત્ય વિવિનક્તિ ધીરઃ।**
**શ્રેયો હિ ધીરોડભિપ્રેયસો વૃણીતે, પ્રેયો મંદો યોગક્ષેમાતે વૃણીત ॥**

સંસારમાં શ્રેય અને પ્રેય નામના દ્વિવિધ માર્ગો છે. વિવેકી પુરુષ એમનો સુચારુરૂપે વિચાર કરે છે. આત્મોન્નતિને લક્ષમાં લઈને એની સિદ્ધિને માટે જ્ઞાની-પુરુષ શ્રેયને પસંદ કરે છે અને જીવનના ધારણ-પોષણને મહત્ત્વનું માનીને મંદબુદ્ધિનો માનવ પ્રેયને પસંદ કરે છે.

શ્રેય એટલે આત્મવિકાસની સાધના દ્વારા થનારું આત્મકલ્યાણ અને પ્રેય એટલે સાંસારિક સમુન્નતિ. પંખીની બંને પાંખની પેઠે જીવનવ્યોમમાં સારી રીતે વિહરવા માટે માનવને એ બન્નેની આવશ્યકતા છે. વર્તમાનકાળમાં માનવનું મેધાવીમન જીવન સાથે સંબંધ ધરાવનારા પ્રત્યેક વિષય કે પદાર્થને, જીવનમાં પેદા થનારી પ્રત્યેક સમસ્યાને, અનોખી રીતે, વિશાળતાપૂર્વક વિચારે છે તથા મૂલવે છે. સાંપ્રત સમયમાં માનવનું મન અશાંતિને, અસ્વસ્થતાને અને વિસંવાદિતાને અનુભવે છે. એ અશાંતિનો, અસ્વસ્થતાનો, વિસંવાદિતાનો અંત આણવા માટે શ્રેયને એટલે કે આત્મિક ઉન્નતિના અભ્યાસક્રમને અપનાવવાની આવશ્યકતા છે. સુવિચારશીલ માનવો એ વાતને સમજતા જાય છે. એટલે કે સત્સંગ, સ્વાધ્યાય, સંકીર્તન અને ધ્યાનના કાર્યક્રમો વધતા જાય છે. આત્મોન્નતિને અપનાવ્યા સિવાય શાંતિ સાંપડવાનો સંભવ અત્યંત ઓછો છે.

પરંતુ એનો અર્થ એવો નથી કે જીવનમાં એકલા આત્મકલ્યાણનું અથવા શ્રેયનું જ મહત્ત્વ છે, અને પ્રેયનું નથી. પ્રેય અથવા સાંસારિક સમુન્નતિ સમૃદ્ધિ અથવા સુખાકારી વિના જીવન સર્વાંગીણ બની શકે નહીં. ભૌતિક સુધારણાના ક્ષેત્રનો આપણે અનાદર કરવા નથી માગતા. એવો અનાદર અનુચિત અનાવકારદાયક અને અસ્થાને છે. માનવ કેવળ બાહ્ય સુખોપભોગની પાછળ પડે છે, એને મેળવવાની પ્રવૃત્તિ આદરે અને એમાં આસક્તિ કરીને આત્માને ભૂલી જાય અથવા આત્મવિકાસની અવજ્ઞા કરે એ આપણે નથી ઈચ્છતા. તેમ એવું પણ નથી ઈચ્છતા કે જીવનમાં આત્મોન્નતિને જ અગત્યની માનવામાં આવે. ભૌતિક અને આત્મિક બંને પ્રકારની ઉન્નતિને જીવનમાં સાધવામાં આવે એ આવકારદાયક છે. બીજા શબ્દોમાં કહીએ તો જીવનમાં ભૌતિક અને આત્મિક ઉભયવિધ વિકાસના સમન્વયની આવશ્યકતા છે. એવો સમન્વય જ શ્રેયસ્કર થઈ પડશે.

કેટલાક માણસો માને છે કે આત્મોન્નતિની એકાંતિક સાધના તો જીવનના ઉત્તરકાળમાં કરાવી જોઈએ. અત્યારે જે સોનેરી સમય સાંપડ્યો છે તે સમય દરમિયાન સાંસારિક સમુન્નતિને સાધીએ અને સુખોપભોગ કરી લઈએ. પરંતુ એવી માન્યતા બરાબર નથી. પહેલાં સાંસારિક સુખાકારી કે સમુન્નતિ અને પછી આત્મોન્નતિ એવી ભેદદૃષ્ટિ યોગ્ય ના કહેવાય. કોને ખબર છે કે વર્તમાન જીવનની પરિસમાપ્તિ ક્યારે થશે ? જીવનના સોનેરી સમયને અથવા જીવનની વસંતઋતુને આત્મોત્કર્ષની સાધનામાં લગાડી દેવી જોઈએ. ભર્તૃહરિ મહારાજે વૈરાગ્યશતકમાં કહ્યું છે કે-



**यावस्वस्थमिदं शरीरमरुखं यावज्जरा दूरतो**
**यावश्चेन्द्रिशक्ति रप्रतिहता यावत्क्षणो नायुषः ।**
**आत्मश्रेयसि तावदेव विदुषाः कार्यः प्रयत्नो महान्**
**प्रोदीप्ते भवने प्रकूपखननं प्रत्युद्यम; किदशः ॥**

અર્થાત્ આત્મોન્નતિનું અને સાંસારિક સમુન્નતિનું કાર્ય યુવાવસ્થામાં જ થાય એ આવશ્યક છે. એ બંને કાર્યો સાથે કરાવાં જોઈએ. દિવસમાં સવારે તથા સાંજે ધ્યાન, જપ, સ્વાધ્યાયનો કાર્યક્રમ ગોઠવીને એને વફાદાર રહેવું અને દિવસના બીજા ભાગ દરમ્યાન સંસારની પ્રવૃત્તિ કરવી તે પણ જાગૃતિપૂર્વક જીવનના વિકાસમાં મદદ મળે તે માટે કરવી. તેવી રીતે જીવનમાં શ્રેય અને પ્રેયનો સમન્વય સાધવાથી શાંતિ સાંપડશે. જીવન વધારે ને વધારે રસમય, આહ્‌લાદક, સ્વસ્થ અને શાંતિપ્રદ બનશે.

**—શ્રી યોગેશ્વરજી**
**('પ્રભુપ્રાપ્તિનો પંથ')**

'He gave me a cap, but you the head filled with intelligence

He gave me a coat, but you the tall figure, to clothe.'

**—રૂમિ**

# ॥ જગદંબાનું સાક્ષાત્ દર્શન ॥

નવરાત્રીના આરંભમાં આશ્રમની સામેના પર્વતીય પ્રદેશમાં રહેતા બ્રાહ્મણ કુટુંબે મારા વ્રતની વાતને જાણીને ફળાહાર માટે ઉપયોગમાં લેવા પેંડા બનાવીને મોકલ્યા. એ કુટુંબ આર્થિક રીતે સાધારણ સ્થિતિવાળું હોવા છતાં અસાધારણ શ્રદ્ધાભક્તિ તથા સેવાભાવનાથી સંપન્ન હતું. હું કેવળ પાણી પર રહેતો હોવાથી એ પેંડા પડી રહ્યા. ઉપવાસના ચોથા કે પાંચમા દિવસે બપોરે ઋષિકેશના એક ઓળખીતા વેપારી ભાઈ ફળ તથા મીઠાઈ લઈને આવી પહોંચ્યા. એમના મનમાં એમ કે વ્રતની પરિસમાપ્તિ પછી હું એનો ઉપયોગ કરીશ. પરંતુ મારું વ્રત તો માની કૃપા પર નિર્ભર હોવાથી ક્યારે પૂરું થશે તેની ખાતરી ન હતી. તે બધું એમ ને એમ પડી રહ્યું. જેને આપી શકાય એવું કોઈ મુલાકાતી પણ વસતિથી દૂરના એ એકાંત પ્રદેશમાં આવતું નહીં. પરિણામે કેટલીક સામગ્રીને બગડી જવાથી નાખી દેવી પડી, કેટલીક એક ભાઈને સુપ્રત કરી, ને જે થોડીક સારી રહી શકેલી એનો ઉપયોગ અનશન વ્રતની પરિસમાપ્તિ પછી હું કરી શક્યો. મારે કહેવાની મુખ્ય વાત તો એ છે કે ખાદ્ય પદાર્થો પાસે હોવા છતાં એવી રીતે વ્રતને ચાલુ રાખવાનું કામ કઠિન હોય છે. માના અલૌકિક અનુગ્રહ વિના એ ભાગ્યે જ બની શક્યું હોત.

મા કૃપાળુ નથી ? અત્યંત કૃપાળુ છે. જે તેને માટે પોતાની શક્તિ ને શ્રદ્ધાભક્તિ પ્રમાણે તપે છે ને તલસે છે તેને તે શાંતિ આપે છે, એ નિર્વિવાદ છે. નવ દિવસ સુધી મારે ભયંકર સંકટ



સહેવું પડ્યું. ભીષણ વેદના વેઠવી પડી. એ સંકટ ને વેદનાને હું બનતી શાંતિપૂર્વક સપ્રેમ સહન કરતો, શરીરને સમર્પવું પડે તો સમર્પવાની મારી તૈયારી હતી. પરંતુ માએ મારા પર અદ્‌ભૂત અનુગ્રહ કરીને પોતાનો પરચો બતાવ્યો એથી મને સહેજ સંતોષ થયો ને ઉત્સાહ સાંપડ્યો. તારીખ ૨૫ ઑક્ટોબર શનિવારે વહેલી સવારે એક અલૌકિક શાંતિપ્રદાયક અનુભવ થયો. બ્રાહ્મ મુહૂર્તમાં વહેલો ઊઠીને હું પ્રાર્થના અને ધ્યાનમાં બેઠો કે તરત જ મારું શરીરભાન ભુલાઈ ગયું. શરૂઆતમાં બે અસાધારણ સૌન્દર્યવતી સ્ત્રીઓ દેખાઈ, થોડાક વખત પછી એ અદૃશ્ય થઈ ગઈ અને એમને બદલે ત્રણ વામન જેવા સનકાદિ ઋષિવર હોય એવા બાળકો દેખાયા. મેં એમને જણાવ્યું કે તમે સ્વયંસિદ્ધ છો. મને રિદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્ય, અષ્ટસિદ્ધિ, નવનિધિ આપો. ભારતને મારી દ્વારા મદદ કરો, સૃષ્ટિમાં શાંતિ સ્થાપો.

એમણે કહ્યું કે તથાસ્તુ. રિદ્ધિસિદ્ધિ સૌ પ્રાપ્ત હો. બધી ઈચ્છા પૂર્ણ હો. તમારી કૃપાસિદ્ધિ હો. તમને કૃપાસિદ્ધિ પ્રાપ્ત હો. ખૂબ ખૂબ મંગલ યશ હો.

અને એ અદૃશ્ય થઈ ગયાં.

એ અનુભવ-પ્રસંગ પછી મને ભાન આવ્યું. પહેલાં પ્રભાતપક્ષીનો સુમધુર સ્વર સંભળાયો. શાંતા નદીનો શ્રવણમંગલ સુખદ સુસ્વર સમીપે જ સંભળાતો હતો. મારા અંતરમાંથી આપોઆપ શબ્દો નીકળી પડ્યા : “જય હો ! હિમાલયના સિદ્ધ મહાપુરુષોનો જય હો ! બીજાને મદદ કરનાર, મંગલને માર્ગે લઈ જનાર મહાપુરુષોનો જય હો !”

પરંતુ એટલા અનુભવથી જ મને સંતૃપ્તિ થાય તેમ ન હતું. તૃપ્તિ માનીને બેસી જવા માટે એટલો પ્રસંગ પૂરતો હોવા છતાં મારા મનને એટલાથી જ શાંતિ કેવી રીતે થાય ? મારે તો માના મધુર મુખમંડળને નિહાળવું અને એની કૃપાની સુધામયી સરિતામાં સ્નાન કરવું હતું. એટલે મેં માના મંગળ મંદિરદ્વારે મારો પ્રેમપોકાર ચાલુ રાખ્યો : 'મા, હવે એકની એક કમભાગ્યની કથની લખીને વેદનાને વ્યક્ત નહીં કરું, હવે તો આ પાર કે પેલે પાર. શરૂ કર્યું જ છે. તો આમ અધવચ્ચેથી ખાલી હાથે નિરાશ થઈને પાછો નહીં જ ફરું. હવે તો તમારું દેવદુર્લભ દિવ્ય દર્શન પામીને જ જંપીશ, હવે તો જલદી જલદી કૃપા કરી દો, તમારા શરણાગતને તલસાવવામાં ને પીડા પહોંચાડવામાં આનંદ આવે છે ? તમે તો દયાળુ છો, માતા છો, જગદંબા છો.'

ઉપવાસની વચ્ચેના દિવસોમાં મેં પાણી લેવાનું પણ છોડી દીધું. દિવસરાત એક જ આસને બેસીને પ્રાર્થવાનું ચાલુ રાખ્યું. અંતર માના અસાધારણ અનુગ્રહને માટે આતુર બન્યું. એ દરમિયાન એક રાતે માએ કહ્યું : ''પાણી પીઓ, એકાદ બે દિવસમાં આવું છું.'' એથી મેં પાણી લેવાનું શરૂ કર્યું, પરંતુ પાંચ ઘુંટડાથી વધારે પાણી ન લેવાનો નિર્ણય કર્યો.

એ દિવસોમાં આંતરજગતમાં ભજનોની સુંદર પંક્તિઓ સંભળાતી. એવી કેટલીક પંક્તિઓ પરથી મેં ભજનો લખ્યાં, કેટલાક સદુપદેશ સાંપડતાં તેમને મેં લિપિબદ્ધ કરી લીધા. કેટલાક નવા મંત્રો પણ મળતા. અપરિચિત સ્વનામધન્યસિદ્ધ મહાત્માઓનાં દર્શન તો અવારનાર થતાં. તે દિવસોમાં માએ



સંભળાવેલી પેલી સુંદર પંક્તિઓ આજે પણ યાદ છે. એ સ્વરની મીઠાશને વર્ણવવાની શક્તિ મને મારામાં નથી લાગતી. એ પંક્તિઓ આ રહી :

**તુમ બિન રહ ના શકું કભી મૈં,**
**તુમ તો મેરે ભૂપ,**
**પાગલ મેરે સ્વરૂપ, પાગલ મેરે સ્વરૂપ,**
**પાગલ મેરે સ્વરૂપ.**

દિવસો અત્યંત આતુરતાપૂર્વક અસાધારણ અનુરાગથી અંજાઈને એક પછી એક પસાર થતા, જગદંબાના દિવ્ય દર્શનનો લાભ મળે કે એની સુસ્પષ્ટ બાંયધરી મળે તો જ અનશન વ્રતનો અંત આણવો એવો મારો નિશ્ચય હતો. દિવાળી અનશન વ્રતમાં વીતી ગઈ. તારીખ ૧૩ નવેમ્બર ગુરુવારે નૂતન વર્ષ હતું. તે દિવસે સવારે હું શાંતાશ્રમમાં બેઠેલો, શરીર ખૂબ જ કૃશ અને નિર્બળ બની ગયેલું, અનશન લાંબું ચાલેલું. શું કરવું તે નહોતું સમજાતું. શરીર છૂટી જાય તો ભલે પણ સફળતા સિવાય અનશનનો અંત ન આણવાનો નિર્ણય તો હતો જ, ત્યાં તો જગદંબાના સૂક્ષ્મ સુમધુર સુધાસભર સ્વર મારા શ્રવણપટ પર અથડાયા; 'અભી કુછ દિન યોગાભ્યાસમેં ઓર લગો !'

મને આશ્ચર્ય થવાથી મેં પૂછ્યું : ''કુછ દિન રોક લો ?''

**'નહીં, ઓર લગો !**
**કુછ દિન રોક લો '**

'નહીં, નહીં મૈં કહા કહતી હું કિ રોક લો ! અભી યોગાભ્યાસમેં કુછ દિન ઓર લગો ! માનું સ્વરૂપ નહોતું દેખાતું

પરંતુ એના સુખદ સુધાસભર શબ્દો સારી પેઠે સંભળાતા. નૂતન વર્ષના મંગળ દિને પાવનપ્રભાતે માએ એવી રીતે મારા પર જાગૃતિ અવસ્થામાં અલૌકિક અનુગ્રહ કર્યો. એથી મને થયું કે મારા પર માની કૃપાદૃષ્ટિ છે અને એ મારું ધ્યાન રાખે છે. તો પણ મને શાંતિ ન થઈ. જે સ્થાનમાં મેં આટલું બધું સહન કર્યું, એ સ્થાનમાં અને અત્યારે જ મારે તો માનું દર્શન જોઈએ. યોગાભ્યાસ કરીને મારે શું કરવું છે ? યોગાભ્યાસથી જે મળે છે તે તો માના કૃપાકટાક્ષથી સત્વર સાંપડી શકે છે. માના સુંદર સ્વરૂપનાં દર્શનથી સમાધિ થયા વિના રહે જ કેમ ? જાગૃતિદશામાં જ ભાવવિભોર બની જવાય, એવી રીતે માના શરણાગત પ્રેમી ભક્તને યોગાભ્યાસનું સર્વોત્તમ ફળ હસ્તામલકવત્ હોય છે. છતાં માએ યોગાભ્યાસ કરવાનું કેમ કહ્યું ? યોગાભ્યાસ માનાં દર્શનથી ઉત્તમ તો નથી જ, કે પછી એવું કહીને મારી નિષ્ઠા, સમજ અને સંકલ્પશક્તિની કસોટી કરવામાં આવે છે ? તે રાતે એક સુંદર સ્ત્રીનું દર્શન થયું. એણે માના દેવદુર્લભ દિવ્ય દર્શનનો આશીર્વાદ આપીને જણાવ્યું કે નવમી તારીખે તમને માનું દર્શન થશે, તે વખતે તમે શંકરના કોઈ સ્થાનમાં હશો. એથી મને અધિક આનંદ થયો. તે દિવસોમાં પ્રત્યેક પળ અને પ્રત્યેક અનુભવની પોતાની ખાસ કિંમત હતી.'

તો પણ મારી ચિંતા ના ટળી. શાંતાશ્રમમાં મારા મનોરથની પૂર્તિ મા વહેલી તકે કરે એવી મારી ઇચ્છા હતી. કરુણાળુ માએ તે ઇચ્છાને પણ પૂરી કરી. આ લખતી વખતે માની કરુણાના સ્મરણથી મને રોમાંચ થઈ આવે છે.

બીજે દિવસે તારીખ ૧૪ નવેમ્બરે મધ્યરાત્રી પછી એ



અલૌકિક અવસર ઉપસ્થિત થયો. તે દિવસે ભાઈબીજ હતી. હું અનુરાગમાં ઓતપ્રોત બનીને આસન વાળીને બેઠેલો. ત્યાં તો મારી અવસ્થા એકાએક અનોખી થવા માંડી. આપોઆપ મને સમાધિ થાય અને પાછું આપોઆપ ભાન આવે એવું આશરે એકાદ કલાક ચાલ્યું. એની સાથે જાગૃતિદશા દરમિયાન માનું દર્શન થયું. માનું દર્શન અલૌકિક હતું. રેશમી જેવાં સુંદર વસ્ત્રોમાં માના શરીરની શોભા અતિશય આહ્લાદક અને અવર્ણનીય લાગતી. માએ મારા શરીર પર વારંવાર હાથ ફેરવીને કહ્યું : 'સર્વ કાંઈ મળી ગયું. હવે સંકલ્પમાત્રથી જ સિદ્ધિ રહી.' મારી પીઠ પર હાથ મૂકીને કહ્યું : 'તમારો કુંડલિનીનો માર્ગ મેં ઠીક કરી દીધો છે. હવે ચિંતા કરશો નહીં.'

માના એ મંગળ, મધુમય, દૈવી દર્શનના આનંદને અક્ષરદેહમાં કેવી રીતે અંકિત કરી શકું ? એની આવશ્યકતા પણ ક્યાં છે ? મને ભાન આવે ત્યારે મા દેખાય ને મારી સાથે વાતો કરે. તે પછી થોડા જ સમયમાં મને સમાધિ થઈ જાય. વળી પાછું દેહભાન આવે ત્યારે માનું દિવ્ય દર્શન થાય, મારી કુટિર દેખાય ને પાછી સમાધિ થાય. એવો ક્રમ વારાફરતી ચાલ્યા જ કરે. મારી આંખમાંથી આનંદની અસ્ખલિત અશ્રુધારા નીકળ્યા જ કરે. ખૂબ જ કોશિષ કરું પરંતુ હાથપગ કે શરીર હાલે જ નહીં, ઊઠી શકાય જ નહીં. આસન અચળ બની ગયેલું. માએ મને ગુલાબ જેવાં સુંદર ફૂલોની મનહર માળા પહેરાવી ને બંને હાથે પગે માળા બાંધી. મને થયું કે મારું શરીર શું આવું ને આવું જ રહેશે ? શું મારાથી હવે ઊઠી બેસી કે હરીફરી નહીં જ શકાય ? ખાવાપીવાનું ને વાતચીત કરવાનું

પણ આ દશામાં કેવી રીતે બનશે ? સવારે કોઈ મળવા આવશે તો ઓરડીની અંદરની સાંકળ પણ કોણ ઉઘાડશે ? એવી પ્રેમમગ્ન ભાવમસ્ત સમાધિનિષ્ઠ અલૌકિક અવસ્થા વિશે મેં સાંભળ્યું ને વાંચ્યું હતું. એવી અલૌકિક અવસ્થા અનુભવવાની ઈચ્છા મને પણ થયા કરતી. એના અનુસંધાનમાં માએ જાણે કે આ અનુભવ આપીને જણાવ્યું કે જો, આ અવસ્થાનો આસ્વાદ પણ લઈ લે નક્કી કરી દે કે આ જ અવસ્થામાં કાયમ માટે રહેવું છે કે કેમ. મને થયું કે આવી અવસ્થા કાયમ માટે સારી નથી. માનું નિત્યનિરંતર દર્શન થાય તે બરાબર છે. માના અનુગ્રહનો આસ્વાદ મળે તે પણ બરાબર. પરંતુ આવી રીતે સદાને સારુ શૂન્યમનસ્કની પેઠે પડ્યા રહેવાનું મને પસંદ નહીં પડે. ભાન તો જોઈશે જ, ને ભાન રહે તે આવશ્યક અને આશીર્વાદરૂપ પણ છે. જાગૃતિમાં આવશ્યક કર્માનુષ્ઠાનોને કરતાં કરતાં પણ મન જગદંબાની આજુબાજુ જ રમ્યા કરે ને નિર્લેપ રહે એ વધારે સારું છે.

જ્યારે અચાનક હાથ હાલ્યા. પગ હાલ્યા, અને પૂરેપૂરું ભાન આવ્યું ત્યારે મને કેટલી નિરાંત વળી હશે તે સહેલાઈથી કલ્પી શકાશે.

જે શાંત સુંદર સ્થાનમાં મેં આટલું બધું સહન કર્યું, તપ કર્યું, ને કઠોર કષ્ટ વેઠ્યું, તે સ્થાનમાં માની કૃપા શા માટે ના થાય ? જ્યાં સુધી માનું દૈવી દર્શન ન થાય ત્યાં સુધી અન્ન લેવું નહીં ને પાણી પરના વ્રતને છોડવું નહીં. એવા દઢ નિરધારથી પલાંઠી વાળીને મેં અંતરના અંતરતમમાંથી અહર્નિશ પ્રાર્થના કરી તો આખરે એવી રીતે માના સાક્ષાત્ દર્શનનો દેવદુર્લભ લાભ મળી



ગયો. પરંતુ જે વરદાનની આકાંક્ષા હતી તે વરદાન ના મળવાથી મારું કાર્ય હજુ અધૂરું જ રહ્યું. બીજો કોઈ સાધક હોત તો આટલામાં જ બડભાગી બની જાત. પરંતુ મારા પર માની કૃપા હોવાથી હું જાગ્રત હતો. સાધનાના મારા નક્કી કરેલા આદર્શ પર પહોંચવા માટે મારું અંતર અધીરું હતું. એના વિના મને નિરાંત વળે તેમ નહોતી. એથી મેં મારું કામ અનશનની સમાપ્તિ પછી પણ ચાલુ જ રાખ્યું. માના સાક્ષાત્ દર્શનના અદ્‌ભુત અનુભવથી મને ખૂબ જ શાંતિ મળી, આનંદ થયો, ને મારો વિશ્વાસ વધી ગયો. જૂના જમાનામાં ભક્તોના જીવનમાં ઈશ્વરના દર્શનથી જે વાતો મેં વાંચેલી તેના પુરાવા જેવો પ્રસંગ મારા જીવનમાં જગદંબાની કૃપાથી બની ગયો. મારું જીવન એટલે અંશે ધન્ય બન્યું.

શાંતાશ્રમમાં થોડાક વધારે દિવસો પસાર કરીને ડિસેમ્બરની આઠમી તારીખે મેં આશા, શ્રદ્ધા, ઉત્સાહ તથા મૌનવ્રત સાથે દેવપ્રયાગ છોડ્યું. મારી મીટ હજુ નવમી તારીખ પર મંડાઈ હતી.

**—શ્રી યોગેશ્વરજી**

**(દિવ્ય અનુભૂતિઓ)**

———❀———

**'એવા કેદીની તલાશ કરો જે કોઈપણ રીતે**
**જેલની બહાર નીકળી ગયો છે; એ જ તમારો ગુરુ છે.'**

**—ગુર્જિએફ**

# ॥ અદ્‌ભુત ગુરુ ॥

વરસો પહેલાં અમે પણ બદરીનાથના પુણ્યધામની યાત્રા કરી ત્યારે સંતસમાગમની ઈચ્છાથી પ્રેરાઈને એ કુટિરોની મુલાકાત લીધેલી. એ વખતે એ કુટિરોમાં રહેતા સંતમહાત્માઓમાંથી કોઈ અમને ઊંચી કોટિના ના લાગ્યા પરંતુ એક સંત એમાં અપવાદરૂપ જેવા દેખાયા, અને એમણે અમારું ખાસ ધ્યાન ખેંચ્યું.

નાની સરખી કુટિરમાં અમે પ્રવેશ કર્યો ત્યારે એ સંત શાંતિપૂર્વક બેઠા હતા. એમણે અમારું સ્મિત સાથે સ્વાગત કર્યું..

અમે એમની બાજુમાં બેસી ગયા.

સંતપુરુષ તદ્દન સાદા ને સરળ હતા.

એમની ઉંમર સાધારણ હતી. ચાલીસેક જેટલી.

એમની કુટિરમાં કોઈ મૂર્તિ કે ચિત્ર કશું જ ન હતું પરંતુ એમની સામે જે વસ્તુ પડી હતી એણે અમારું ધ્યાન ખેંચ્યું.

એક નાના સરખા ટેબલ પર એક રૂમાલ પાથરેલો, એના પર એક બાટલી તથા ડબ્બી હતી, અને એની આગળ અગરબત્તી બળતી'તી.

અમે એમને એ વસ્તુનો મર્મ પૂછ્યો તો એમણે શાંત સ્વરમાં કહેવા માંડ્યું, 'આ બાટલી ને ડબ્બી મારાં ચિરકાળનાં સાથી છે, અને મારા ગુરુનું કામ કરે છે. દત્તાત્રેયે જેમ ચોવીસ ગુરુ કરેલા તેમ મારે માટે પણ આ વસ્તુઓ ગુરુરૂપ હોવાથી હું તેમને મારી પાસે રાખું છું ને તેમની પૂજા કરું છું. એ મારે માટે અખંડ પ્રેરણારૂપ છે ને મને જાગ્રત રાખે છે.'

'કેવી રીતે ?' અમે પ્રશ્ન કર્યો.



'બાટલીમાં ગંગાનું પાણી છે તે મને હંમેશાં યાદ આપે છે કે જીવનને એવું જ પારદર્શક કે નિર્મળ કરવું જોઈએ. એમાં બુરા વિચાર, ભાવ કે કુકર્મોની ગંદકી ના રહેવી જોઈએ અને આ ડબ્બીની પાછળ પણ ઈતિહાસ છે. રહસ્ય છે. એની અંદર ભસ્મ છે. તે ભસ્મ મારી પત્નીની છે. એના મરણ પછી સ્મશાનમાંથી એની ભસ્મ લઈને મેં સંસારનો ત્યાગ કર્યો. એ ભસ્મ મને જાગ્રત રાખે છે. અને એની મદદથી હું ઈશ્વરપરાયણ રહી શકું છું. એ મને સંદેશ આપે છે કે સંસારમાં જે દેખાય છે તે બધું જ ક્ષણભંગુર કે વિનાશી છે. માત્ર ઈશ્વર જ સત્ય છે, શાશ્વત છે, સુખસ્વરૂપ છે, અને એ ઈશ્વરને ઓળખવાથી જ શાંતિ મળી શકે છે. એવી રીતે ગંગાજળ ને ભસ્મ મારે માટે પ્રેરક થાય છે. એટલા માટે એ બંનેને જ્યાં જાઉં છું ત્યાં મારી સામે રાખું છું ને પૂજું છું...'

અમને એ મહાપુરુષને માટે માન પેદા થયું. માણસ જો શીખવા માગે તો કોની પાસેથી ને શું નથી શીખી શકતો ? સમસ્ત સંસાર એને માટે વિશ્વવિદ્યાલય જેવો બની જાય છે. એની અમને ખાતરી થઈ.

**—શ્રી યોગેશ્વરજી**

**(સંતસમાગમ)**

---

'બધા નકશા વ્યર્થ છે, બધા માર્ગ જૂઠા છે. કારણ કે સત્ય ત્યાં છે જ્યાં તમે છો. જ્યાં તમે છો ત્યાં જાગી જાઓ, બસ ત્યાં જરા સાવધાન થઈ જોઈ લો, ત્યાં જ જરા ફંફોસી જોઈ લો તો તમે પરમાત્માને મેળવી લેશો. ક્યાંય જવાનું નથી. કાશી નહીં, કાબા નહીં, કૈલાસ નહીં. કુરાનમાં નહીં, બાઈબલમાં નહીં, ગીતામાં નહીં. પોતાની ભીતર જવાનું છે.'

# ॥ મહાપુરુષનો આત્મભાવ ॥

સ્વામી રામતીર્થ અદ્વૈત વેદાંતના જીવતા જાગતા સ્વરૂપ સરખા હતા.

વેદાંતના સારરૂપ અભેદભાવના નશામાં એ હંમેશા મસ્ત રહેતા.

જગતના નાના મોટા વિભિન્ન પદાર્થોમાં એ પરમાત્માનું દર્શન કરતા એટલું જ નહીં પણ સમસ્ત જગતને પરમાત્માના પ્રત્યક્ષ પ્રતીકરૂપે જોતા રહેતા. એવું એકત્વદર્શન કરવાનો એમનો સ્વભાવ પડી ગયેલો એમ કહીએ તો ચાલે.

એ પોતાને આત્મિક જગતના શહેનશાહ માનતા અને પોતાના નામ તરીકે પોતાનો પરિચય આપતાં રામબાદશાહ લખતા.

બાદશાહને તો કાંઈ ચિંતા, વિષાદ, ભય, ભેદભાવના, રાગદ્વેષ અને અશાંતિ પણ હોય, પરંતુ એમને કોઈ અશાંતિ નહોતી. ચિંતા, વિષાદ, ભય, ભેદભાવના અને રાગ-દ્વેષથી એ કાયમને માટે પર હતા.

જે એમનું દર્શન કરતા અને એમના સુખદ, શાંતિમય, સ્વર્ગીય સહવાસનો લાભ લેતા તે ધન્ય બનતા એમના એકાદ વારના સંપર્કમાં આવનારની ઉપર પણ એમના જાદુઈ અસ્તિત્વની ચિરસ્થાયી અને અસાધારણ છાપ પડ્યા વિના રહેતી નહીં.

એમનું વેદાંત કેવળ વિચાર અથવા વાણી પૂરતું જ સીમિત નહોતું થયું પરંતુ એમના અણુએ અણુમાં ઓતપ્રોત બનીને



વ્યવહારના પ્રત્યેક પાસામાં મૂર્તિમંત થયું હતું. એટલે જ એમના વ્યક્તિત્વમાં એક પ્રકારની વિદ્યુત શક્તિ હતી એ વિદ્યુત શક્તિનો પ્રભાવ લાગતા વળગતા બધા પર ઓછાવત્તા પ્રમાણમાં પડતો રહેતો.

એમના જીવનમાં સંમિશ્રિત થઈ ગયેલી અદ્વૈત વેદાંતની મસ્તીનો એક પ્રસંગ જાણવા જેવો છે. એના પરથી એમના અસાધારણ વ્યક્તિત્વની ઝાંખી થશે.

સ્વામી વિવેકાનંદને પગલે પગલે ચાલીને ભારતીય ધર્મ તત્ત્વજ્ઞાનને સંસ્કૃતિનો સંદેશ પરદેશમાં પહોંચાડવા તથા તે દ્વારા ભારતના રાષ્ટ્રીય ગૌરવને વધારવા એ કટિબદ્ધ થયા.

તીર્થરામ પ્રોફેસરમાંથી સ્વામી રામતીર્થ બનેલા એ યુવાન સંન્યાસી પાસે ઉત્તમ પ્રકારની મેધા હતી. ઉદાત્ત લાગણી હતી ને પોતાના દેશવાસીઓ તથા બીજાને માટે કાંઈક કરી નાખવાની તમન્ના અથવા કર્મયોગની ભાવના હતી.

એ ભારત છોડીને સ્ટીમરમાં બેસીને જ્યારે અમેરિકા પહોંચ્યા ત્યારે કોઈ ઓળખપત્ર નહોતા લઈ ગયા.

કોઈ ઠેકાણે પહેલેથી ઉતરવાનો નિર્ણય પણ એમણે નહોતો કર્યો.

ગીતાની ભાષામાં કહીએ તો સર્વ ભૂતસ્થમાત્માનં સર્વ ભૂતાનિ ચાત્મનિ ! એટલે કે આત્માની અંદર બધા જ જીવે અને સૌની અંદર રહેલા આત્માને જોતા અને અનુભવતા એ અમેરિકાના સમુદ્રતટ પર આવી પહોંચ્યા.

સ્ટીમરના મુસાફરો વારાફરતી સ્ટીમરમાંથી ઉતરવા લાગ્યા. એમના સ્નેહીઓ અને સ્વજનો એમને લેવા આવેલા.

પરંતુ સ્વામી રામતીર્થ તો નીચે ઉતરવાની લેશ પણ ચિંતા કે ઈચ્છા ના હોય તેમ બેસી જ રહ્યા. એમને જરા પણ ઉતાવળ ન હતી. અસ્વસ્થતા ન હતી કે એમના વદન પર કોઈ જાતની વ્યગ્રતા પણ નહોતી દેખાતી.

એટલામાં તો સ્ટીમર પર પોતાના મિત્રો સાથીઓ અથવા સ્વજનોનો સત્કાર કરવા આવેલા માણસોમાંના એક સદ્ગૃહસ્થ રામતીર્થ પાસે આવીને એમને ધારીધારીને જોવા લાગ્યા, થોડાક વખત સુધી એવી રીતે જોયા પછી એમનાથી રહી ન શકાયું એટલે એ બોલ્યા,

'તમારા પહેરવેશ પરથી લાગે છે કે તમે ભારતમાંથી આવો છો.'

રામતીર્થે માથું હલાવ્યું ને કહ્યું, 'હા, હું ભારતમાંથી આવું છું.'

'તમે અહીં ઉતરવાના છો ?'

'હા.'

'તમને કોઈ લેવા માટે નથી આવ્યું ?'

'આવ્યું છે.'

'કોણ ? કોઈ દેખાતું તો નથી !'

'મને લેવા આવનાર આ રહ્યા.'

'ક્યાં ?'

'કેમ ? તમે જ મને લેવા માટે આવી પહોંચ્યા છો. હા, તમે જ.'

એવું કહીને રામતીર્થે એ અમેરિકન સદ્ગૃહસ્થની પીઠ પર હાથ મૂક્યો.



હાથ મૂકવાની સાથે જ પોતાના શરીરમાં જાણે કોઈ દૈવી વિદ્યુતશક્તિ દાખલ થઈ હોય એવો અનુભવ એ સદગૃહસ્થને થવા માંડ્યો. એમનું અંતર આત્મીયતાથી ભરાઈ ગયું. એમણે ભારતના એ મહાન સપૂત સ્વામી રામતીર્થને પોતાને ત્યાં આવવાનું ને રહેવાનું આમંત્રણ આપ્યું.

રામતીર્થ એમના મહેમાન બન્યા. ધીરે ધીરે જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ રામતીર્થને માટેનો એમનો પ્રેમ અને પૂજ્ય ભાવ વધતો ગયો. એ રામતીર્થના ભક્ત અને શિષ્ય બન્યા.

અમેરિકાની પ્રજાને પોતાના અલૌકિક વ્યક્તિત્વથી આંજી નાખનાર કે મંત્રમુગ્ધ કરનાર રામતીર્થને લોકો જીવંત ઈશુ તરીકે ઓળખવા લાગ્યા.

એવો હતો એ મહાપુરુષનો આત્મભાવ.

એ હંમેશા, જીવનની પ્રત્યેક પળે, જાણે કે વેદાંતમાં જ જીવતા હતા. શાંતિ પણ એવા વેદાંતથી જ મળે છે. કેવળ વાતોના નહીં પરંતુ વ્યવહારના.

**—શ્રી યોગેશ્વરજી**
**(સંતસમાગમ)**

**'આપણામાં પ્રભુની હાજરીનું પ્રથમ ચિહ્ન તે શાંતિ છે.'**

## ॥ ગુરુ બની શકું તેમ નથી ॥

પરમહંસ યોગાનંદ બંગાળમાં જન્મેલા. એ મહાપુરુષે પોતાના પાછલા જીવનમાં વરસો સુધી અમેરિકામાં વસવાટ કરીને સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ જેવાં પ્રતાપી મહાપુરુષોની પેઠે ભારતના આધ્યાત્મિક ગૌરવનો પશ્ચિમની પ્રજાને પરિચય કરાવવાનું અમુલખ કામ કરી બતાવ્યું.

એ લોકોપયોગી મહાકાર્યને લીધે એ અમર બની ગયા.

એમના આધ્યાત્મિક અનુભવોને અક્ષરદેહમાં અમર બનાવનારી એમની કીંમતી કૃતિ 'ઓટોબાયોગ્રાફી ઓફ એ યોગી' આજે પણ સુપ્રસિદ્ધ છે.

એ કૃતિમાં એમણે એમની યુવાવસ્થાનો એક પ્રસંગ આલેખ્યો છે તે ખાસ ઉલ્લેખનીય અથવા જાણવા જેવો છે. એ વખતે યોગાનંદે કોઈ ગુરુ નહોતા કર્યા.

ગુરુ મહત્ત્વ-ખાસ કરીને યોગની અંતરંગ સાધનામાં એ સારી પેઠે માનતા હોવાથી, ગુરુ કરવાની આકાંક્ષા તો એમને હતી જ, પરંતુ ગુરુ કરવા કોને ? એ બાબતમાં એ ઉતાવળ કરવા નહોતા માગતા. જ્યાં સુધી આંખને ઠારે અને અંતરને આરામ અથવા આનંદ આપે એવા ગુરુ ને મળે ત્યાં સુધી રાહ જોવી તથા શોધ ચાલુ રાખવી એ જ માર્ગ એમને યોગ્ય લાગતો.

એનો અર્થ એવો નથી કે કોઈ સત્પુરુષનો સમાગમ એ નહોતા કરતા. જુદા જુદા મહાત્માઓને એ મળતા તો ખરા જ. પરંતુ એમના અંતરને કોઈ પણ એટલું બધું આકર્ષી શકતું નહીં. એ સંતોનો સમાગમ કરતા તથા સ્વાધ્યાયનો આધાર લેતા.



એ દિવસોમાં એમને માસ્ટર મહાશયનો મેળાપ થયો. માસ્ટર મહાશય બીજા કોઈ જ નહીં. પરંતુ રામકૃષ્ણ પરમહંસદેવના ચરિત્રકાર શ્રી મહેન્દ્રનાથ ગુપ્ત. એમણે એમના ગુરુ રામકૃષ્ણ પરમહંસદેવના જીવનના પ્રસંગો ને વાર્તાલાપો 'ગોસ્પેલ ઓફ રામકૃષ્ણ' નામના ગ્રંથમાં સમાવીને પ્રકટ કર્યા ત્યારથી અમર બની ગયા. એ ગ્રંથદ્વારા એમણે જનતાની અસાધારણ સેવા કરી. એમનું પોતાનું વ્યક્તિત્વ અત્યંત અદ્‌ભુત અને અનોખું હતું. એ વ્યક્તિત્વે યોગાનંદના હૃદય પર ખૂબ જ ઊંડી અસર કરી દીધી.

એમના ગુરુ રામકૃષ્ણદેવના આદેશાનુસાર એ ગૃહસ્થાશ્રમમાં જ રહેતા તો પણ જગદંબાની કૃપા તથા સાધના દ્વારા ભલભલા ત્યાગીઓ કે સંન્યાસીઓને પણ શરમાવે એવી ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચેલા. જીવનના રહસ્યનો ઉકેલ કરી એ સનાતન શાંતિના સ્વામી બનીને પોતાના જીવનને એક આદર્શ, આપ્તકામ કે કૃતાર્થ માનવની જેમ યાપન કરતાં. એમનો પ્રબળ પ્રભાવ યુવાન યોગાનંદ પર પડ્યા વિના રહ્યો નહીં.

યોગાનંદ એમના ચમત્કારિક વ્યક્તિત્વથી મંત્રમુગ્ધ થઈને એમની પાસે અવારનવાર જવા માંડયા. એમના સદુપદેશોને એ સાંભળતા અને એમના શાંત સહવાસમાં પોતાની શક્તિ ને અધિકાર પ્રમાણે શાંતિ મેળવતા.

ધીરે ધીરે એમની પૂજ્ય ભાવના બળવાન બનતી ગઈ.

એક દિવસ એમણે માસ્ટર મહાશયને પોતાના ગુરુ બનાવવાનો સંકલ્પ કરી લીધો.

એ સંકલ્પથી પ્રેરાઈને એ પીળાં ફૂલની માળા લઈને એમની પાસે આવી પહોંચ્યા.

માસ્ટર મહાશય શાંતિથી ઓરડામાં બેઠેલા. ત્યાં આવી એમણે પેલી માળા કાઢી ને એમને ભારે ઉમળકાપૂર્વક પહેરાવવાનો પ્રયાસ કર્યો.

પરંતુ માસ્ટર મહાશયે એ માળાનો સ્વીકાર ન કર્યો. એ પાછા ખસી ગયા.

એ દેખીને યોગાનંદને ઘણું દુઃખ થયું. દુઃખ થાય એ તદ્દન સ્વાભાવિક હતું.

એમના દુઃખને જાણી લઈને માસ્ટર મહાશય બોલ્યા :

'તારા દુઃખને સમજી શકું છું, પરંતુ જે સંકલ્પથી તું, મને માળા પહેરાવે છે તે સંકલ્પ બરાબર નથી. હું તારો ગુરુ થઈ શકું તેમ નથી.'

'તો પછી મારા ગુરુ કોણ થશે ?' યોગાનંદથી પૂછ્યા વગર ન રહી શકાયું.

'તને તારા ગુરુ થોડા વખત પછી આપોઆપ મળી રહેશે. એ તને ઓળખી કાઢશે ને પોતાનો પરિચય કરાવશે. પૂર્વસંબંધથી એ તારી સાથે ગુરુભાવે સંકળાયેલા છે, હું તને ઉપદેશ આપી માર્ગ બતાવી શકું. પણ તારો ગુરુ ન થઈ શકું.'

માસ્ટર મહાશયના શબ્દો સાંભળી યોગાનંદને નવી લાગણી થઈ આવી. એમનો એમને માટેનો પૂજ્યભાવ વધી ગયો. તે એમના ગુરુ બનવા તૈયાર ન થયા તો પણ યોગાનંદ ભાવભક્તિથી પ્રેરાઈ ને એમની પાસે નિયમિત રીતે જવા માંડ્યા.



માસ્ટર મહાશયની ભવિષ્યવાણી સાચી પડી ને એ પછી થોડેક વખતે યોગાનંદને આકસ્મિક રીતે જ એમના ગુરુ યુક્તેશ્વર મહારાજની પ્રાપ્તિ થઈ. ગુરુએ પોતાનો પરિચય કરાવ્યો અને એમનો શિષ્ય તરીકે પણ સ્વીકાર થયો.

માસ્ટર મહાશયના વ્યક્તિત્વને વર્ણવતો આ પ્રસંગ કેટલો બધો અનોખો છે? એમાં એમની અસાધારણ નમ્રતા, નિરભિમાનતા, અખંડ જાગૃતિ અને કાળની પાર જોઈ શકવાની વિશેષ શક્તિનું દર્શન થાય છે. યોગાનંદે એ પ્રસંગનો ઉલ્લેખ કરીને માસ્ટર મહાશયની શક્તિનો પરિચય કરાવ્યો છે. ગુરુ કરવાની લગનીવાળા શિષ્યો તો ઘણા મળે અને શિષ્યો કરવાની ઈચ્છાવાળા ગુરુઓ પણ અનેક મળી રહે. પરંતુ ગુરુભાવથી પર રહીને બીજાની સેવાસહાયતા કરવાની વૃત્તિવાળા માસ્ટર મહાશય જેવા પ્રાતઃસ્મરણીય પુરુષો તો કોઈક વિરલા જ હોય, તે તો મળે કે ના પણ મળે.

**–શ્રી યોગેશ્વરજી**
**(સંતસમાગમ)**

**'બડે બડાઈ ના કરે, બડે ના બોલે બોલ**
**રહીમન હીરા કબ કહે લાખ ટકા હૈ મૌલ.'**
**–અબ્દુલ રહીમ આનખાના**

## ॥ મહાપુરુષના મેળાપને માટે શું કરવું ? ॥

**પ્રશ્ન :** મહાપુરુષોના મેળાપને માટે શું કરવું ? કોઈ ઉત્તમ કક્ષાના સમર્થ મહાપુરુષને મેળવવાની મને ઘણી ઇચ્છા છે. છતાં હજી સુધી કોઈનું દર્શન નથી થયું. તો એવા કોઈ લોકોત્તર મહાપુરુષનું દર્શન મને થશે કે નહીં થાય ? ફૂલછાબમાં મહાપુરુષોના અનુભવોની વાતો વાંચીને મારા અંતરમાં એમના દર્શન માટેની આતુરતા ઉત્પન્ન થઈ છે

**ઉત્તર :** તમારા અંતરમાં જે મહાપુરુષોને મળવાની આતુરતા ઉત્પન્ન થઈ હશે, તો મહાપુરુષ તમને જરૂર મળશે. તે તો કૃપાળુ છે. તમારા પર કૃપા કરીને તે તમને જરૂર દર્શન દેશે. અથવા તો ઈશ્વર પોતે તમારી ભાવનાને ઓળખી લઈને તેને સંતોષવા માટે તેવા મહાપુરુષને તમારી પાસે મોકલી આપશે. તેની કૃપાથી તે તમને જરૂર દર્શન આપશે. ફક્ત શરત એટલી છે કે તેમના દર્શનને માટેની ઇચ્છા કે આતુરતાને તમે ટકાવી રાખજો. કેટલીકવાર ઇચ્છાનો ઉદય થાય છે, પરંતુ તે ઇચ્છા લાંબા વખત સુધી ટકી શકતી નથી. વીજળીને પેઠે ચમકી તથા થોડાક વખત રહીને તે અદૃશ્ય થઈ જાય છે. મહાપુરુષના દર્શનને માટેની ઇચ્છાનું જ નહીં, પરંતુ બધી પ્રકારની આત્મોન્નતિ માટેની ઇચ્છાનું એવું જ સમજી લેવાનું છે. તે દીર્ઘજીવી બની રહે એનું ખાસ ધ્યાન રાખવું.

**પ્રશ્ન :** ઇચ્છાની ઉત્કટતા અને એ ઇચ્છાની લાંબા વખત સુધીની સ્થિરતા સિવાયના બીજા કોઈ સાધનનો આધાર લેવાની જરૂર રહે છે ખરી ?



**ઉત્તર :** બીજું સાધન પ્રાર્થનાનું છે અને એનો આધાર પણ લઈ શકાય છે. એ પ્રાર્થના કેવળ એ દ્વારા થનારી કે વાણી દ્વારા વ્યક્ત થનારી પ્રાર્થના ન હોવી જોઈએ. પરંતુ હૃદયના ઉંડાણમાંથી આવિર્ભાવ પામનારી ને રોમેરોમમાં ફરી વળનાર હોવી જોઈએ. અંતરાત્માના અસ્ખલિત અવાજની જેમ એ બહાર પડતી જોઈએ. તો જ તે ફળે કે ધારેલું કામ કરી શકે. લાંબા વખત લગી એવી પ્રાર્થનાનો આધાર લો તો તે પ્રાર્થના ઈશ્વર સાંભળશે. અને તમને સફળ મનોરથ કરશે.

**પ્રશ્ન :** તે ઉપરાંત બીજી કોઈ યોગ્યતાની આવશ્યકતા છે ખરી કે ?

**ઉત્તર :** તે સિવાયની યોગ્યતા તરીકે તમારા ધાર્મિક સંસ્કારોને પ્રબળ બનાવવાની જરૂર છે. તેને માટે સારા ગ્રંથોનું વાચન કરતા રહો. જપ કે ધ્યાનનો અભ્યાસ કરો. આત્મનિરીક્ષણ કરીને આત્મશુદ્ધિ કરો. સત્ત્વગુણને વધારો. અને તમારી ઇચ્છા પ્રમાણેના મહાપુરુષ તો જ્યારે મળે ત્યારે ખરા, પરંતુ ત્યાં સુધી જ કોઈ પણ સારા સંતપુરુષ કે ભક્ત મળે, તેમનો સમાગમ કરો કે લાભ ઉઠાવો. ઊંચી કોટિના મહાપુરુષ ન મળે તો પણ, તમે હમણાં જે દશામાં છે તે દશામાં તો તમારું કામ સાધારણ શ્રેણીના સંતપુરુષથી પણ ચાલી શકે છે. તો જે અવસર મળે તેનો લાભ લઈને આગળ વધવાની તમન્ના રાખો. તો પોતાની જાતને જરૂર લાભ પહોંચાડી શકશે.

**–શ્રી યોગેશ્વરજી**

**(ધર્મનો સાક્ષાત્કાર)**

# ॥ મહાપુરુષોનો દર્શનલાભ ॥

**પ્રશ્ન :** કોઈને આત્મદર્શન અથવા સિદ્ધિદર્શન થયું છે એવું કેવી રીતે સમજાય ?

**ઉત્તર :** આપણે કોઈક મહાનુભાવને મળીએ છીએ ત્યારે તેના મેળાપ સંબંધી કશો સંદેહ રહે છે ખરો ? એમનું દર્શન થાય છે, એમની સાથે વાતચીત કરવાનું સૌભાગ્ય સાંપડે છે, એમની સાથે કોઈ વસ્તુની આપ-લે કરી શકાય છે, એ વિશે કોઈપણ પ્રકારનો સંદેહ રહેતો નથી. આપણે આપણા સ્થૂળ શરીરનું અવલોકન કરીએ છીએ ત્યારે એ બાબત પણ કોઈ જાતની શંકાને માટે અવકાશ રહેતો નથી. એ બધું એકદમ વાસ્તવિક અને ચોક્કસ હોય છે સિદ્ધ પુરુષોના દર્શનના અને આત્મદર્શનના અનુભવોના સંબંધમાં બીજાને કેવી રીતે સમજાવી શકાય ? એ તો સ્વાનુભવનો વિષય હોવાથી જે અનુભવે છે તે જ સમજી શકે છે. સાકરનો સ્વાદ જેણે માણ્યો હોય તેજ જાણે છે. શાસ્ત્રોમાં એવા પુરુષો વિશે કેટલુંક વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણનના આધાર પર નક્કી કરી શકાય છે કે કોઈને એવું દર્શન થયું છે કે નહીં.

**પ્રશ્ન :** એવા વર્ણનનો સાધારણ ખ્યાલ આપી શકશો ?

**ઉત્તર :** એ વર્ણન પ્રમાણે વિચારીએ તો એવા દૈવી દર્શનનો લાભ મેળવી ચૂકેલા મહાપુરુષો ઊંડી શાંતિથી સંપન્ન હોય છે. એમના પોતાનાો અંતરમાંથી અવર્ણનીય અનંત આનંદની અખંડ અનુભૂતિ થતી હોય છે. એ સંસારના બહારના વાતાવરણથી



અથવા સંજોગોથી ચલાયમાન થતા નથી અને સર્વત્ર પરમાત્માનું દર્શન કર્યા કરે છે. એના પરિણામે સૌ પ્રત્યે પ્રેમ રાખે છે. એ ભય, ચિંતા, શોક તથા ક્લેશથી મુક્ત હોય છે.

**પ્રશ્ન :** એવા પુરુષોનું દર્શન વર્તમાનકાળમાં થઈ શકે ?

**ઉત્તર :** શા માટે ના થઈ શકે ? એવા મહાપુરુષો કોઈ ચોક્કસ કાળના અથવા દેશવિદેશના બાહ્ય બંધનમાં બંધાયેલા હોતા નથી. એ દેશ તથા કાળથી અતીત હોય છે. વર્તમાનકાળમાં કે બીજા કોઈપણ કાળમાં એમનું દર્શન થઈ શકે છે.

**પ્રશ્ન :** એમના દર્શન માટેનું આવશ્યક સાધન કયું ?

**ઉત્તર :** એમના દર્શનને માટે ઉત્કટ ઈચ્છા હોવી જોઈએ. ઉત્કટ ઈચ્છાથી પ્રેરાઈને નિયમિત રીતે પ્રેમપૂર્વક સતત પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે એમના દૈવી દર્શનનો દેવદુર્લભ લાભ મળી રહે છે. એમની સહાયતા પણ સાંપડે છે.

**પ્રશ્ન :** એવા મહાપુરુષોના દર્શન, સમાગમ કે સત્સંગને માટે જુદા જુદા પ્રદેશોના પ્રવાસ કરીને શોધ કરીએ તો એમનો મેળાપ થાય કે ના થાય ?

**ઉત્તર :** એવું કરવાથી એમનો દુર્લભ સમાગમ સાંપડશે જ એવું ચોક્કસપણે ના કહી શકાય. એથી ઉલટું એમને માટેની અસાધારણ આતુરતા પેદા થતાં એમનું દર્શન જ્યાં પણ હોઈએ ત્યાં અનાયાસે મળી રહે છે. રામકૃષ્ણ પરમહંસ દેવે પોતાના શિષ્ય નાગમહાશયને ઘેર રહીને સાધના કરવાની સૂચના આપેલી. નાગમહાશયે એમને પૂછેલું કે ઘરમાં રહેવાથી ઉત્તમ

પ્રકારના સંત પુરુષોનાં દર્શન તથા સમાગમનો લાભ કેવી રીતે મળી શકશે, તો રામકૃષ્ણદેવે ઉત્તર આપેલો કે ઉત્તમ પ્રકારના સંતપુરુષોના દર્શનની ઉત્કટ ઇચ્છા થતાં તે ઘેર આવીને દર્શન આપશે. રામકૃષ્ણદેવ પ્રત્યેના પ્રેમ તથા વિશ્વાસથી પ્રેરાઈને નાગમહાશય ઘરમાં જ રહીને કાર્ય કરતા રહ્યા, અને રામકૃષ્ણ દેવનાં વચનો પ્રમાણે સર્વોત્તમ પ્રકારના સંતો એમની પાસે આપોઆપ આવતા રહ્યા. સ્વામી વિવેકાનંદ પણ પોતાના પરદેશના પુણ્યપ્રવાસ પછી એમને મળવા ગએલા ને બોલેલા કે સમસ્ત જગતમાં ફર્યો પરંતુ નાગમહાશય જેવો પવિત્ર સાધુપુરુષ બીજો નથી જોયો. જે સર્વોત્તમ શ્રેણીના સંતપુરુષોને ઝંખે છે તે ઈશ્વરની અસાધારણ કલ્યાણકારિણી કૃપાથી એમને પામી શકે છે. એમની કૃપાથી એમને ઓળખીને એમનો લાભ પણ મેળવી શકે છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(અધ્યાત્મનો અર્ક)**

‘ભક્તોને આવકારસૂત્ર અર્પવાની જરૂર જ રહેતી નથી. રોમેરોમમાં પ્રવાહિત થઈ રહેલો અને શ્વાસોશ્વાસમાં ધબકતો ‘પરમનો ભાવ’ જ મૌનરૂપે સ્વયં સ્ફુટ થઈ જાય છે.’



# ॥ ગુરુવિભાવના ॥

**પ્રશ્ન :** પૂર્ણતા પોતે જ શું વિશિષ્ટ આકાર ધારણ કરીને ગુરુના રૂપમાં પ્રકટ થતી હોય છે ?

**ઉત્તર :** ગુરુના રૂપમાં પૂર્ણતા પોતે જ વિશિષ્ટ આકાર ધારણ કરીને પ્રકટ થાય છે એવું તો કેવી રીતે કહી શકાય ? બધા ગુરુ પૂર્ણ નથી હોતા. હા, એટલું અવશ્ય કહી શકાય કે ગુરુ પરમાત્માના પ્રતિનિધિ હોય છે, પરમાત્માનો સનાતન સંદેશ સંભળાવીને પરમાત્માભિમુખ કરે છે, ને બંધનમુક્તિ, પૂર્ણતા તથા પરમાત્મદર્શનની પ્રેરણા પૂરી પાડે છે. એમની મદદથી અપૂર્ણતામાંથી પૂર્ણતામાં પ્રવેશ કરી શકાય છે અથવા પૂર્ણતાને પોતાની અંદર પ્રગટાવી શકાય છે, એટલું સાચું છે.

**પ્રશ્ન :** ગુરુ અને શિષ્યનો સંબંધ સનાતન હોય છે ને જન્મજન્માંતરસુધી ચાલે છે ?

**ઉત્તર :** ગુરુ અને શિષ્યનો સંબંધ જન્મજન્માંતરસુધી ચાલે છે અથવા નથી પણ ચાલતો. એ એક જ જન્મપૂરતો, એક જન્મમાં પણ થોડાંક વરસો પૂરતો મર્યાદિત રહેશે કે આગળ વધશે એનો આધાર સંસ્કારો પર રહેતો હોય છે. સર્વ કાંઈ સંસ્કાર કે ઋણાનુબંધને અનુસરીને નક્કી થાય છે. એ સંબંધમાં કોઈ એકસરખો નિયમ નથી લાગુ પડતો.

**પ્રશ્ન :** શિષ્યને મુક્તિ અપાવ્યા સિવાય ગુરુ પોતે મુક્ત નથી થતા ? ગુરુનું ઉત્તરદાયિત્વ એટલું બધું મોટું હોય છે ?

**ઉત્તર :** જે ગુરુ શિષ્યને મુક્ત કરવાની ઉત્કટ ઈચ્છા રાખે ને શિષ્યને મુક્ત કરવા માટે શરીરને છોડ્યા પછી અવારનવાર આવવાનો સંકલ્પ કરે તે ગુરુ શિષ્યની મુક્તિ કે સદ્‌ગતિને માટે

પ્રયત્ન કરે એ દેખીતું છે. તેવા ગુરુ જીવનમુક્ત અવસ્થાનો અનુભવ કરવા છતાં પણ સ્વેચ્છાનુસાર જીવનનો અભિનય ચાલુ રાખે છે. એવા સંકલ્પ વગરના બીજા ગુરુને માટે એવું વિધાન લાગુ નથી પડતું. બીજા ગુરુના આશીર્વાદ અને પથપ્રદર્શનથી શિષ્યનું કલ્યાણ થાય છે. ગુરુની અદૃષ્ટ છતાં અમોઘ શક્તિ શિષ્ય કે શરણાગતના જીવનનું શ્રેય સાધે છે. શિષ્યના જીવનમાં ક્રાંતિ કરીને એ સહજ રીતે જ પોતાની કલ્પનાતીત કરામત કરી બતાવે છે, ને શિષ્યને સર્વપ્રકારે કૃતાર્થ કરે છે.

**પ્રશ્ન :** એક વ્યક્તિના એકથી વધારે ગુરુ હોઈ શકે ?

**ઉત્તર :** હોઈ શકે. જેની પાસેથી જીવનના વિકાસનું માર્ગદર્શન મળે, પ્રેરણાની પ્રાપ્તિ થાય, ને શાંતિ સાંપડે, તેને ગુરુ કહી શકાય. એવા ગુરુ એક કરતાં વધારે હોઈ શકે. એનો આધાર સાધકની આવશ્યકતા પર રહે છે. મોટે ભાગે તો માનવ કોઈ એક જ પુરુષને ગુરુ કરે છે. જેના તરફથી એને મંત્ર કે માર્ગદર્શન મળે, પ્રેરણા કે પ્રકાશ જડે, જ્યાં એની આંખ અને એનું અંતર ઠરે, એને શાંતિ લાગે, અને એનો આત્મા સમર્પિત બને, તેની સાથે એ શિષ્ય તરીકેનો સંબંધ સ્થાપતો હોય છે. રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું છે કે શિક્ષાગુરુ અનેક હોઈ શકે પરંતુ દીક્ષાગુરુ એક જ હોય. તેવી રીતે જીવનનું સર્વસમર્પણ પણ એક જ ગુરુનાં શ્રીચરણોમાં હોઈ શકે.

**પ્રશ્ન :** કોઈને ગુરુરૂપે સ્વીકારવાની કે પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને છે કે નથી ?

**ઉત્તર :** છે. મનુષ્ય સ્વતંત્રરીતે વિચારે છે, વિચારીને નિર્ણય લે છે, અને લીધેલા નિર્ણયાનુસાર વર્તે છે. એ રીતે વિચારતાં



એને ગુરુ કરવાની પણ સંપૂર્ણ સ્વતંત્રતા છે. એની પોતાની ઈચ્છાવિરુદ્ધ કોઈ એના જીવનમાં કોઈ ગુરુને લાદી નથી શકતું. જે થાય છે (ગુરુની પ્રાપ્તિ સંબંધમાં) તે તેની સંમતિ કે સ્વીકૃતિથી જ થતું હોય છે. એટલે ગુરુને પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને નથી એવું માનવા-મનાવવાની જરૂર નથી. ગુરુ જીવનમાં કોઈ પ્રકારના વિશેષ પ્રયત્ન વિના આપોઆપ અથવા એકાએક આવી મળે તો પણ મનુષ્ય એમની ઉપર વહેલો કે મોડો મંજુરીની મહોર તો મારતો જ હોય છે.

**પ્રશ્ન :** ગુરુભાવ, ગુરુ તથા સદ્‌ગુરુ એટલે શું ?

**ઉત્તર :** ગુરુભાવ એટલે ગુરુતરીકેનો ભાવ. ગુરુતરીકેનો ભાવ શિષ્યને હોય તો તે શુભ અથવા કલ્યાણકારક કહેવાય છે, પરંતુ એવો ભાવ અને અહંભાવ જો ગુરુમાં હોય તો તેને શુભ, શ્રેષ્ઠ અથવા કલ્યાણકારક ભાગ્યે જ કહી શકાય. ગુરુમાં કોઈ જાતનો અહંભાવ કે ઘમંડ ના જોઈએ. ગુરુ શબ્દ સૌ કોઈને માટે વપરાય છે પરંતુ સદ્‌ગુરુ શબ્દ સૌ કોઈને માટે નથી વપરાતો. સદ્‌ગુરુ તો એને જ કહી શકાય જેણે પરમસત્યની પ્રાપ્તિ કરી હોય, પરમ શાંતિ મેળવી હોય, અથવા પરમસત્યની કે પરમશાંતિની પ્રાપ્તિ કરવાના પ્રામાણિક પ્રયત્નો કર્યા હોય, સત્યરૂપી પરમાત્માની સાથે જેણે સંબંધ સ્થાપ્યો હોય અથવા સ્થાપવાનો સાધનાત્મક પ્રયાસ કર્યો હોય તેને સદ્‌ગુરુનું નામ આપી શકાય.

**પ્રશ્ન :** ગુરુદીક્ષા, ગુરુદક્ષિણા ને ગુરુમંત્ર એટલે શું ?

**ઉત્તર :** શિષ્યને ગુરુતરફથી જે દીક્ષા આપવામાં આવે છે તેને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. તે દીક્ષાના જુદા જુદા પ્રકારો છે. ગુરુ પોતાના સંકલ્પથી જે દીક્ષા આપે છે તેને સંકલ્પદીક્ષા

કહેવામાં આવે છે. સ્પર્શદ્વારા આશીર્વાદ આપીને જે દીક્ષા આપે છે તેને સ્પર્શદીક્ષાનું નામ આપવામાં આવે છે. મંત્ર આપીને જે દીક્ષા આપે છે તે મંત્રદીક્ષા કહેવાય છે. ગુરુ દષ્ટિપાતથી પણ દીક્ષા આપે છે. ગુરુદીક્ષામાં ઘણી શક્તિ સમાયેલી છે.

ગુરુને આપવામાં આવતી ભેટને ગુરુદક્ષિણા તરીકે ઓળખવામાં આવે છે. સાચી ગુરુદક્ષિણા શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને ગુરુના માર્ગદર્શન પ્રમાણે ચાલવામાં રહેલી છે. છતાંપણ સ્થૂળ દક્ષિણાને જ સમાજમાં ગુરુદક્ષિણાનું નામ આપવામાં આવે છે.

ગુરુ દ્વારા આપવામાં આવતા મંત્રને ગુરુમંત્ર કહે છે. ગુરુમંત્રની અંદર ધાર્યા કરતાં ઘણી વધારે શક્તિ હોય છે. એનો આધાર લેવાથી શિષ્યને સાધનામાં મોટી મદદ મળે છે અને એનું શ્રેય સધાય છે. એનો આધાર ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક લેવો જોઈએ.

**પ્રશ્ન :** આવશ્યકતા પ્રમાણે ગુરુમંત્ર બદલી શકાય ?

**ઉત્તર :** જરૂર બદલી શકાય. પરંતુ ગુરુમંત્રને બદલવાની પ્રક્રિયાની પાછળ આવશ્યકતા અને એ પણ અનિવાર્ય આવશ્યકતા હોવી જોઈએ. મંત્રને બદલવાની પ્રક્રિયા એક પ્રવૃત્તિ, શોખ કે ફૅશન ના બનવી જોઈએ. જીવનની એક અનિવાર્ય આવશ્યકતા તરીકે એકાદવાર મંત્રને બદલવો પડે તે જુદી વાત છે પરંતુ મંત્રને બદલવાનો ચસકો લાગી જાય અને મંત્રને અવારનાર બદલ્યા કરાય અથવા એ બદલવાની પ્રવૃત્તિ સહજ થાય તો તે જરાપણ હિતાવહ ના કહી શકાય. એવી પ્રવૃત્તિ સાધકને બદલે બાધક અને તારકને બદલે મારક જ વધારે થઈ પડે.



**પ્રશ્ન :** ગુરુની સંનિધિ ના હોય અને પ્રેરણા પણ પ્રાપ્ત થતી બંધ થાય તો એમનો સનાતન સંબંધ સમાપ્ત થયો એવું માનવું ?

**ઉત્તર :** ના. ગુરુની સ્થૂળ સંનિધિ ના હોય તેથી શું થયું ? એમની સૂક્ષ્મ સંનિધિ રહેવી જોઈએ. ગુરુની પ્રેરણા પણ વધારે વખત કે સદાને માટે જરૂરી ના હોય એવું બની શકે, તો પણ એમના પ્રત્યેની શ્રદ્ધાભક્તિ તો અખંડ જ રહેવી જોઈએ. એને લીધે જ એમનો સંબંધ અમર અથવા સનાતન રહે છે કે બને છે. એ સંબંધ કદીપણ પૂરો નથી થતો ને ના થવો જોઈએ. પછી એ સ્થૂળરૂપમાં ચાલુ રહે કે સૂક્ષ્મ રૂપમાં એ જુદી વાત છે.

**પ્રશ્ન :** અદ્વૈતની અનુભૂતિ થતાં ગુરુશિષ્યનો સંબંધ ટકી શકે છે ?

**ઉત્તર :** ટકી શકે પણ ખરો અને ના પણ ટકી શકે.

**પ્રશ્ન :** એટલે ?

**ઉત્તર :** અદ્વૈતની અનુભૂતિ થયા પછી વસ્તુતઃ એ સંબંધની આવશ્યકતા નથી હોતી. એ સંબંધ સાર્થક કે સફળ થાય છે. જ્યાં સર્વત્ર, સૌમાં ને સૌના સ્વરૂપમાં પરમાત્મા છે ત્યાં ગુરુ તથા શિષ્યના ભેદ છતાં શ્રી આદ્ય શંકરાચાર્ય એ ગુરુપ્રેમથી પ્રેરાઈને એમના ગુરુને પ્રત્યેક ગ્રંથમાં યાદ કરે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સંબંધમાં પણ એવું જ કહી શકાય. એમની ગુરુભક્તિ જાણીતી છે. જ્ઞાનેશ્વરી ગીતા જેવા ગ્રંથરત્નના વાંચનથી એ હકીકત સુચારુરૂપે સમજી શકાય છે.

**—શ્રી યોગેશ્વરજી**

(ઈશ્વરદર્શન)

## ॥ ગુરુ વિશે ॥

**પ્રશ્ન :** બે વરસ પહેલા મારા સદ્‌ગુરુનું મૃત્યુ થયું છે ત્યારથી મારા શોકનો પાર નથી. મારો બધો જ રસકસ ઊડી ગયો છે. મારા ગુરુ હતા ત્યારે હું એમની પાસે સમય સમય પર જરૂર પડતાં પહોંચી જતો અને એમનું માર્ગદર્શન મેળવતો. એ લાભથી વંચિત થવાથી હવે હું દુઃખી છું. મારે શું કરવું ? કોઈ બીજા ગુરુ કરી લેવા જોઈએ ?

**ઉત્તર :** 'તમારા ગુરુને મરેલા શા માટે માનો છો ?'

**પ્રશ્ન :** એમાં મારા માનવા ના માનવાનો સવાલ નથી. એમાં મૃત્યુ એક હકીકત છે. એની અનેકને ખબર છે.

**ઉત્તર :** ગુરુ કદી મરતા નથી હોતા. સ્થૂલ શરીરથી એ કદાચ વિદાય લે અને બીજું સ્વરૂપ ધારણ કરે તો પણ એમનો સર્વ નાશ નથી થઈ શકતો. એ આત્મારૂપે અમર હોય છે અને કાર્ય કરે, એ અર્થમાં હું કહું છું કે એમનું મૃત્યુ નથી થયું. તમે જો એ સત્યને સમજી લો તો તમને શોક નહીં થાય. એમના અસ્તિત્વનો અને અનુગ્રહનો અનુભવ તમે આજે પણ કરી શકો છો.

**પ્રશ્ન :** ગુરુએ શરીર છોડી દીધું હોય તો પણ એ પોતાના શિષ્યો પર અનુગ્રહ કરી શકે ?

**ઉત્તર :** જરૂર કરી શકે. અનુગ્રહ એકલા સ્થૂલ શરીરથી નથી થતો, સૂક્ષ્મ શરીરથી પણ થતો હોય છે. મહત્ત્વની વાત એ છે કે તમારી તેમના પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ મરી છે કે નથી મરી.



જો તમે એમને આજે પણ પહેલાં જેવા જ પ્રેમ અને વિશ્વાસથી યાદ કરતા હો તો તેમને માટે શોક કરવાની આવશ્યકતા નહીં રહે. તેમનું માર્ગદર્શન તમે આજે પણ મેળવી શકો છો. એ તમારા સમસ્ત જીવન પર પ્રેમપૂર્વક ધ્યાન રાખે છે એવા પ્રબળ વિશ્વાસથી આગળ વધો તો તમને એમનો લાભ કાયમને માટે મળતો રહેશે અને બીજા ગુરુ કરવાનો વિચાર નકામો લાગશે. તમારા જીવનમાં નવો રસ પેદા થશે અને તમને નવી પ્રેરણા સાંપડશે. ગુરુ તમને તમારી પાસે જ લાગશે.

**પ્રશ્ન :** (એક જિજ્ઞાસુ) આપનાં દર્શન કર્યાં અને પ્રવચનો સાંભળ્યાં ત્યારથી આપને ગુરુ માનું છું અને આપની પાસે રીતસરની ગુરુદીક્ષા માટેની મને તીવ્ર ઈચ્છા છે તો આપ મને તે રીતે શિષ્ય તરીકે સ્વીકારો એવી મારી પ્રાર્થના છે.

**ઉત્તર :** હું કોઈનો ગુરુ બની શકતો નથી. મારામાં એવી યોગ્યતા પણ નથી જોતો. બીજાની સાથે ગુરુ-શિષ્ય જેવું મારે કશું નથી. કોઈને રીતસરની દીક્ષા હું આપતો નથી. છતાં કોઈ મારા પ્રત્યે મનમાં ગુરુભાવ રાખે અને એવા ભાવથી એને લાભ થતો હોય તો તેમાં મને કોઈ હરકત નથી. કોઈ મંત્ર માગે તો તેની પ્રકૃતિ ને રુચિ જોઈને હું મંત્ર સૂચિત કરું છું. મનમાં મારા પ્રત્યે ગુરુભાવ રાખીને કોઈ પ્રગતિ કરી શકતું હોય તો મને શી હરકત હોઈ શકે ? પોતાના સાધનામાર્ગની મુશ્કેલીઓનું નિરાકરણ કોઈ મને પૂછતાં રહે તો તેનો ઉકેલ હું મારી સમજશક્તિ અને અનુભૂતિના આધાર પર આપતો રહું છું.

**પ્રશ્ન :** મારે ગુરુદીક્ષા લેવાનું જરૂરી છે ખરું ?

**ઉત્તર :** તેનો નિર્ણય તમારે કરવાનો છે. હું ના કરી શકું.

**પ્રશ્ન :** કોઈ બાહ્યગુરુ પાસેથી દીક્ષા ના લીધી હોય તો પણ આત્મવિકાસની સાધનામાં આગળ વધી શકાય ?

**ઉત્તર :** બહારના ગુરુની મદદ વગર પણ આત્મવિકાસની સાધનામાં આગળ વધી શકાય છે. પરંતુ તે માટે રમણ મહર્ષિ જેવા મહાત્મા પુરુષોની પેઠે પૂર્વજન્મના ઘણા પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોની આવશ્યકતા રહે છે. તેવા પુરુષોને પરમાત્મા દોરવણી આપતા રહે છે. બીજા માણસોએ જ્યાં પોતાનું મન માનતું હોય ત્યાં ગુરુભાવને સ્થાપિત કરીને આગળ વધવાનું રહે છે, ગુરુભાવને સ્થાપિત કરવા યોગ્ય વ્યક્તિ કોઈ પણ ના લાગતી હોય તો પરમાત્મા પોતે સૌના પરમગુરુ છે એવો વિશ્વાસ રાખીને એમની અંદર શ્રદ્ધાભક્તિ ધારણ કરીને પણ આગળ વધી શકાય છે.

યોગ્ય અવસર પર જો આવશ્યકતા હોય તો પરમાત્મા પોતે જ સાધકને સુયોગ્ય ગુરુ મેળવી આપે છે અથવા તો એ પોતે જ માર્ગદર્શક બનીને એને પ્રકાશ અને છેવટે સનાતન શાંતિનો ભોગી બનાવે છે.

**પ્રશ્ન :** જે મહાત્મા પુરુષે પોતાના સ્થૂલ શરીરને છોડી દીધું હોય તેમની અંદર ગુરુભાવ રાખી શકાય કે ના રાખી શકાય ?

**ઉત્તર :** રાખી શકાય. મહાત્મા પુરુષોની સત્તા અથવા શક્તિ સૂક્ષ્મ શરીરમાં રહીને કાર્ય કરે છે ને બીજાને મદદ પહોંચાડે છે. એટલે એમની અંદર ગુરુભાવ રાખવામાં કશી હરકત નથી.

**પ્રશ્ન :** તે આપણી સમક્ષ પ્રકટ થઈને મંત્ર પ્રદાન કરી શકે



કે દીક્ષા આપી શકે ખરા ?

**ઉત્તર :** હા. તેમની ઈચ્છા હોય તો તે સ્વપ્નમાં, ધ્યાનમાં કે જાગૃતિમાં આપણી સમક્ષ પ્રકટ થઈને મંત્ર તથા દીક્ષા આપી શકે છે અથવા તો એક કે બીજી રીતે પથપ્રદર્શન કરે છે. પરંતુ એને માટે આપણી પોતાની તૈયારી ઘણી ઊંચી હોવી જોઈએ.

**પ્રશ્ન :** ઊંચી એટલે કેવી ?

**ઉત્તર :** આપણા અંતરમાં એવા પ્રાતઃસ્મરણીય આદર્શ મહાપુરુષોને માટે પુષ્કળ પ્રેમ હોવો જોઈએ, વિશ્વાસ જોઈએ અને એમની મદદ અથવા એમનું માર્ગદર્શન મેળવવાની તાલાવેલી જોઈએ, એવી તાલાવેલી એકાદ બે દિવસ, મહિના, વરસો પૂરતી મર્યાદિત બનવાને બદલે સતત હોવી જોઈએ. એવા મહાપુરુષોના અનુગ્રહ પ્રાપ્તિને માટે એવી યોગ્યતાનું નિર્માણ કરવાનું આવશ્યક છે. જેમણે પણ એવી જરૂરી યોગ્યતા મેળવી છે તેઓ લાભ મેળવીને પોતાના જીવનને કૃતાર્થ કરી શક્યા છે.

**પ્રશ્ન :** એવા મહાપુરુષો આત્મજ્ઞાન આપી શકે ?

**ઉત્તર :** શા માટે ના આપી શકે ? એમની શક્તિ અસાધારણ હોવાથી એ પોતાની ઈચ્છાનુસાર ગમે તે કરી શકે છે. એ સંપૂર્ણપણે સ્વતંત્ર છે. ફક્ત તમારે કે તેમની કૃપાની કામના રાખનારે તેને અનુકૂળ જીવન જીવવું જોઈએ.

**—શ્રી યોગેશ્વરજી**

**(ધર્મનો મર્મ)**

## ॥ ભક્ત અને સંત ॥

**પ્રશ્ન :** કેટલીકવાર એવું જોવામાં આવે કે અમુક સંતપુરુષ પર કોઈક જિજ્ઞાસુ, ભક્ત કે સાધકને પુષ્કળ પ્રેમ અથવા તો વિશ્વાસ હોય છે. એ એમને પૂજ્ય કે ઈશ્વરતુલ્ય પણ માને છે. પરંતુ અમુક વખત પછી કોઈ પણ જાતના દેખીતા બાહ્ય કારણ વિના, એ એમની સાથેનો સંબંધ તોડી નાખે છે અને એમની ટીકા કે નિંદા કરવા માંડે છે. એ વખતે ત્રીજાને એના વિચાર તથા એનું વર્તન ઘણું વિચિત્ર લાગે છે. તો એવા વિરોધી વર્તનનું કે ફેરફારનું કારણ શું હશે.

**ઉત્તર :** એવા ફેરફાર અથવા તો વિરોધી વર્તનના કારણોની ચર્ચામાં ઊતરવું મુશ્કેલ છે. કહેવાને ખાતર આપણે કહીએ છીએ કે જેવા જેના ઋણાનુબંધ અથવા સંસ્કાર. એ સંસ્કાર પૂરા થાય છે એટલે કોઈપણ જાતના દેખીતા બાહ્ય કારણ વિના પણ એકમેકના સંબંધોનો અંત આવે છે. કોઈવાર એમાં કોઈ સાધારણ અથવા અસાધારણ કારણો પણ મહત્ત્વનો ભાગ ભજવી જાય છે. સંત પુરુષને લાગેવળગે છે ત્યાંસુધી કોઈ માણસનો સંબંધ કોઈ દુન્યવી લાલસા, વાસના, સ્વાર્થથી પ્રેરાઈને થતો હોય તો લાલસા, વાસના, સ્વાર્થની પૂર્તિ ના થતાં છેવટે મન અશ્રદ્ધાળુ બને છે, બદલાઈ જાય છે, ને જેની સાથે સ્નેહ થયો હોય તેના જ સંબંધને તોડી નાંખે છે. કોઈવાર સંતપુરુષને સાચી રીતે ના સમજવાથી પણ ગેરસમજ થતી હોય છે. જો સંતપુરુષની અંદરનો પ્રેમ અને વિશ્વાસ પૂરતા અનુભવ ને વિચાર પછી પેદા થયો હશે તો તે સ્થાયી જ રહેશે અને એમાં



ઓટ નહીં આવે. પરંતુ જો એની પાછળ પૂરતા વિચાર કે અનુભવનું પીઠબળ નહીં હોય અને સંતપુરુષની કોઈ વિશેષ શક્તિ કે સિદ્ધિથી અંજાઈને જ એ સંબંધ શરૂ થયો હશે તો એ ચિરસ્થાયી નહીં નીવડે ને લાંબે ગાળે તૂટી જશે. ગમે તેમ પરંતુ એક વાત તો જરૂર યાદ રાખો કે કોઈ સંતપુરુષની સાથે ના બને તો એમનો સંબંધ ના રાખવો. પરંતુ એથી આગળ વધીને એમની ટીકા કે નિંદા તો ન જ કરવી. ટીકા કે નિંદા કરવામાં કોઈ પ્રકારની માણસાઈ નથી રહી.

**પ્રશ્ન :** કોઈ વ્યક્તિ વિરોધી બને અથવા ટીકા કે નિંદા કરે તો એ દશામાં સંતપુરુષનું મન કેવું રહે છે ?

**ઉત્તર :** સાચા સંતપુરુષનું મન સદાયે શાંત ને સ્વસ્થ રહે છે. એ પોતાની સ્થિરતા, પ્રસન્નતા ને શાંતિ નથી ખોતા. વિરોધી, ટીકાખોર કે નિંદકને માટે પણ એમના દિલમાં લાગણી, સ્નેહ કે સદ્ભાવ હોય છે. એનું એ મંગલ ચાહે છે ને મંગલ જ કરે છે. બધા જ સંજોગોમાં ઈશ્વરની ઈચ્છા જાણીને, ઈશ્વરમાં મનને મગ્ન રાખીને તથા ઈશ્વરની લીલાનું દર્શન કરીને, એ અલિપ્ત રહે છે.

**–શ્રી યોગેશ્વરજી**

(ઈશ્વરદર્શન)

'He (The Guru) awakens in every one of us the divinity and the potential power.'

# ।। એક વિરલ પ્રશ્નોત્તર ।।

**પ્રશ્ન :** સદ્‌ગુરુના આશ્રયનો મર્મ શું છે ?

**ઉત્તર :** ઘણો મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે. સર્વાંગનું અવધાન રાખીને સાંભળજો. જે કહેવાશે તેની પાછળ ચિંતન નથી, જીવન છે. આ જીવનનું અમૃત છે, જે શબ્દોના પાત્રમાં મૂકું છું; માટે તર્કનું હથિયાર લઈને ન સાંભળશો. અનુમાનનું અત્તર લગાડીને એને ન જોશો. આપ એને માનો ન માનો, એ વાત જુદી છે, ગૌણ છે. બસ આપ સાંભળશો તો અમે કૃતાર્થ થઈ જઈશું.

ગુરુ કોને કહો છે ? ગુરુ શબ્દ ઘણો જ પવિત્ર છે. ગુરુ કોણ કરશે ? શિષ્ય કોને કહે છે ? ગુરુ અને શિષ્ય એ ચેતનાની સ્થિર અવસ્થાઓ છે ? જેમ મનુષ્યની જાતિઓ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય છે એમ શું ગુરુ અને શિષ્ય એ કોઈ જાતિ છે ?

ગુરુ એ પદ છે. ચેતનાની એક અવસ્થા છે. માનવની અંદર દિવ્યતાની જે અનંત સંભાવનાઓ પડી છે, એ સંભાવનાઓ એકસાથે જ્યારે ખીલી ઊઠે છે, તો ખીલી ઊઠેલી સંભાવનાઓના પરિમલનું નામ ગુરુપદ છે. જીવનની સાથે સીધો સંપર્ક સ્થાપન કરવાની વિનમ્રતા અને નિરહંકારિતા જેના જીવનનું સત્ત્વ છે. ચેતનાની પરિપક્વ અવસ્થા છે, ક્યાંયે કચાશ નથી. એ અવસ્થામાં અજ્ઞાન તો શું જ્ઞાન પણ નથી. વેદાન્તમાં જ્ઞાનને પણ અજ્ઞાનની એક વૃત્તિ કહી છે. અનુભવ તો શું, અનુભૂતિ પણ ત્યાં નથી. એમાં વિશ્વસત્તાથી જુદું કોઈ



જીવી રહ્યું નથી. એના હાડમાંસની અંદર નિરહંકાર અને વિનમ્રતા જ છે. અંદર શૂન્ય છે એટલે તે જ છે. એ જ પ્રભુના હાથમાં બંસી છે. વિશ્વચેતનાના સ્વરો એમાં ગૂંજી ઊઠે છે.

અને હવે આપ કહો છો કે એવા સદ્‌ગુરુનો અમે આશ્રય કરીશું. આશ્રય કોનો કરશો ? ત્યાં કોઈ હોય તો આશ્રય લેશો ને ! આશ્રય કોનો શોધશો ? 'મેં ગુરુપદ ધારણ કર્યું છે' એવું જેને ભાન છે એ ગુરુ નથી. દશેય ઈન્દ્રિયોમાં જ્યારે યૌવન ફૂટી નીકળે છે તો કહેવાની જરૂર નથી પડતી કે હું યુવાન થઈ ગયો છું. એના ઊઠવામાં, બેસવામાં, બોલવામાં, ચાલવામાં યૌવનનું સૌંદર્ય ખીલી ઊઠે છે. વસંત ઋતુના આવવાની જાહેરાત કરવી પડતી નથી. વન-ઉપવનને જોઈલ્યો. આપને સુગંધ પરથી જ ખબર પડી જશે કે ઋતુ વસંત છે. એમજ જ્યારે જીવનમાં પરિપક્વતાની વસંત ઋતુ આવે છે ત્યારે જીવન મહેંકી ઊઠે છે. પણ એનું ભાન રાખીને ત્યાં કોઈ બેઠું નથી. લેશમાત્ર અહંકાર નથી.

આપ તો હાડમાંસનું માળખું જુઓ છો, માટે આપને લાગે છે કે ત્યાં કોઈ હોવું જોઈએ. એક સત્તા હોવી જોઈએ, જે વિશ્વચેતનાથી અલગ છે અને જેને પોતાની અલગતાનું ભાન છે. અને પોતાની અલગતાને સુરક્ષિત રાખવા માટે જે નિરર્થક પ્રયત્ન કરે એવું કોઈ બેઠું છે. કોઈ હોય તો ને ? કોને ગુરુ બનાવશો ? કોનો આશ્રય લેશો ? એ તો એક એવી અવસ્થા છે કે જે રસ્તા પર લગાડેલ સૂચનાના પાટિયા જેવી છે. એના પર નિશાનીથી બતાવી દીધું કે આ બાજુ ચોરવાડ છે. તો ગુરુપદમાં

જીવનાર વ્યક્તિનું ક્લેવર 'સૂચનાનું એક પાટિયું' છે. એને વાંચી લ્યો અને પછી આગળ ચાલો. પણ શિષ્યત્વ હોય, જિજ્ઞાસા હોય ત્યારે તો આગળ ચાલશો ને ? આપ એ સમજો છો કે શિષ્યત્વ સરળ છે ? એ ગુરુપદથી પણ વધુ કારણ છે.

શિષ્યત્વ એટલે જિજ્ઞાસા. શીખવાની ઉત્કટ ઇચ્છા. સ્વરૂપની શોધનો તરફડાટ, વ્યાકુળતા. શિષ્યત્વ એક અવસ્થા છે ને ગુરુ પણ એક અવસ્થા છે. જિજ્ઞાસા અને અનુભૂતિનું જ્યાં મિલન થાય છે ત્યાં જ ગુરુ અને શિષ્યનું મિલન છે.

કોઈ બે વ્યક્તિઓના મિલનનું નામ ગુરુ-શિષ્યનું મિલન નહીં. એ તો ભ્રમ છે. આ આંખો છેતરાય છે. આ તો અંદરની અવસ્થાનું મિલન છે. જેણે પણ એને બે હાડમાંસની વ્યક્તિઓનું જ મિલન સમજ્યું એ વ્યક્તિ બીજાને ચીપકી રહેશે. જિજ્ઞાસા ક્ષણિક નીવડી સમાપ્ત થઈ ગઈ ને પરિપક્વ અવસ્થાનું ભાન પણ એને વૃથા કરી ગયું માટે જ ત્યાં ન તો શિષ્ય રહ્યા ન ગુરુ !

જેટલો વખત જિજ્ઞાસા જાગ્રત છે એટલો સમય શિષ્યત્વ છે, બાકી સમયે નહીં. પરિપક્વ અવસ્થા સહન ન થતાં અહંકારની ભૂમિકા પર ઊતરી આવે ને એને ભાન થાય કે હું શીખવનાર છું. હું બીજાનું આશ્રયસ્થાન બની શકું છું. ત્યાં એ પણ ગુરુપદમાંથી પતિત થાય છે.

એટલે ગુરુ અને શિષ્ય બંને શબ્દોનું તાત્પર્ય બરાબર સમજી લેજો. આ ચેતનાની બે અવસ્થાઓ છે : એક જિજ્ઞાસાની, બીજી નિરંતર મુક્તતાની.

જે બહાર, ભીતર બધે છે, નિરંતર છે, એનો આશ્રય કેવી



રીતે લઈ શકાય ? આશ્રય લેવામાં પડશો તો જિજ્ઞાસાનું શું થશે ? આશ્રય તો અહંકાર પકડે છે. માટે જિજ્ઞાસા (સ્વરૂપની-સત્યની) પ્રજ્વલિત રાખો. એનાં સ્પંદનો આત્માનુભવીને ખેંચી લાવશો. કાં તો આપ ખેંચાઈ જશો અગર આપની જિજ્ઞાસા એને ખેંચી લાવશે.

જિજ્ઞાસા-અનુભૂતિનું મિલન એ જ શિવશક્તિનું મિલન છે, વિશ્વચેતનાનું મિલન છે. એમાં દ્વૈતનું નિરાકરણ છે, અદ્વૈત ત્યાં જીવી ઊઠે છે. ત્યાં જે પ્રેમ ખીલી ઊઠે છે, એ એક અત્યંત પવિત્ર ઘટના છે. માટે મેં કહ્યું કે; ગુરુ અને શિષ્ય એ શબ્દો જીભ પર લાવતાં પહેલાં દસ વાર ગંગાજળથી મોં ધોઈ લેવું જોઈએ.

માટે બહારની શોધ છોડી, ગુરુપદધારી વ્યક્તિની શોધ છોડી જિજ્ઞાસાને પ્રગટવા દો, તેને ખૂબ ઉત્કટ બનાવો, નિરંતર જાગ્રત રાખો-બાકીનું કામ જીવન કરી લેશે.

**–વિમલા ઠકારની શિબિર**
**(જીવનયોગ)**

'જેઓને મુક્ત થવું છે, ગાડરિયા પ્રવાહની જેમ મારી પાછળ ચાલવું નથી; જેઓ મારામાંથી ધર્મ અને સંપ્રદાયનું પાંજરું બનાવવા માગતા નથી, એવા માનવી મારે જોઇએ છે. એવા લોકોએ બધા જ ભયમાંથી છુટકારો મેળવવો જોઇએ. ધર્મ, મોક્ષ, આધ્યાત્મિકતા, પ્રેમ, મૃત્યુ અને જીવનના ભયમાંથી પણ એમણે મુક્ત થવું જોઇએ.'

**–જે. કૃષ્ણમૂર્તિ**

# ॥ સૂફી કથા ॥

એક ખ્રિસ્તી યુવક એક ઝેન ફકીર પાસે ગયો. એણે ફકીરને કહ્યું કે; હું આ બાઈબલ લાવ્યો છું, મારી આસ્થા બાઈબલમાં છે. તમે કદી બાઈબલ વાંચ્યું છે ? એ ફકીરે કહ્યું કે; 'ના, વાંચવાની ફુરસદ નથી મળી. પોતાને વાંચવામાં જ બધી શક્તિ લાગી જાય છે. છતાં તમે લઈ આવ્યા છો તો કંઈક વાંચીને સંભળાવી શકો છો.' એણે તો બહુ પ્રસન્ન થઈને ગિરિપ્રવચનના કેટલાક અંશો વાંચીને સંભળાવ્યા : 'ધન્ય છે એ જે નિર્બળ છે કેમકે પરમાત્માનું રાજ્ય તેમનું જ થશે. ધન્ય છે એ જે વિનમ્ર છે અને છેલ્લે ઊભા છે, કેમકે મારા રાજ્યમાં એ જ પ્રથમ ઊભા રહેશે; એ જ સર્વોપરી થશે.'

એ ફકીરે કહ્યું; કે બસ થોભો. અટકી જાઓ. જેમણે પણ આ વચન કહ્યાં છે તેણે 'ભીતરની જ્યોતિ' પહેચાની લીધી છે. જેણે પણ આ વચન કહ્યાં તે 'પરમ જ્ઞાની' છે.

પેલા યુવકે કહ્યું; હજી આગળ પણ વચનો છે. ફકીરે કહ્યું; બસ ! સાગરનું એક બુંદ ખારાશ જાણવા પૂરતું છે. હવે તમે પુસ્તક બંધ કરો. એક બુંદ ચાખી લીધું, આખો સાગર ચાખી લીધો.

**—અનુવાદ**

'જો વ્યક્તિ પ્રત્યે સમર્પણ હશે તો તેમની અનુભૂતિઓની છાયા તમારી ચેતના પર પડશે અને એ અપનાવવા જતા તમે second hand બની જશો, સ્વાયત્ત મટી જશો.'



# ॥ દૈવી અસંતોષ ॥

જીવને લીલાર્થે રમવા સૃષ્ટિમાં મોકલતી વખતે પરમાત્માએ તેના કાનમાં કહ્યું; 'બેટા ! સૃષ્ટિની રમતમાં ભાગ લેવા ભલે જા. પરંતુ એટલું યાદ રાખજે કે જ્યાં સુધી તું મારી પાસે પાછો નહીં આવે ત્યાંસુધી તને સાચી શાંતિ અને સાચો આનંદ નહીં મળે. ત્યાંસુધી તને કૃતાર્થતાનો અનુભવ નહીં થાય. ત્યાંસુધી તારી સૃષ્ટિયાત્રાની પૂર્ણાહુતિ નહીં થાય. તું લાખ પ્રયત્ન કરે તો પણ તને અન્ય સ્થળે અને અન્ય રીતે તારા જીવનની યથાર્થ ધન્યતા નહીં જ મળે. તારા માટે મારી પાસે પહોંચવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી, કારણ કે હું જ તારું યથાર્થ સ્વરૂપ છું.'

જીવે આ અમૃતવાણી સાંભળી નત્ મસ્તકે કહ્યું; 'હે પ્રભુ ! જો મારે આપની પાસે પાછા જ ફરવાનું છે. જો આપનાં ચરણોમાં જ મારું સાચું આશ્રયસ્થાન છે, તો આપ મને સૃષ્ટિમાં શા માટે મોકલો છો ? મને આપનાથી વિખૂટો શા માટે કરો છો ?'

કરુણારૂપ ભગવાન કહે છે : 'આ સૃષ્ટિ મારી રચના છે. અને તારું તેમાં જવું તે પણ મારા મંગલમય વિધાનનો ભાગ છે. એનો સ્વીકાર કરવામાં જ તારું કલ્યાણ છે. તારું જવું, પાછા ફરવું બન્ને મંગલમય વિધાનનો ભાગ છે. મારામાં પાછા ફરવું તે જ તારી આખરી નિયતિ છે.'

'હે પુત્ર ! હે મારા નિજસ્વરૂપ જીવ ! તું મને ભૂલી જઈશ. પરંતુ મારું વરદાન છે કે, જ્યાં સુધી તું મારી પાસે પહોંચીશ નહીં ત્યાંસુધી તારા ચિત્તમાં એક 'દૈવી અસંતોષ' રહ્યા કરશે. જ્યાં સુધી તું મારી પાસે પહોંચીશ નહીં ત્યાં સુધી તારો અંતરાત્મા તને જંપીને બેસવા દેશે જ નહીં. આ દૈવી અસંતોષ તે જ તારામાં મારી સ્મૃતિનું સ્વરૂપ છે. તેને મહામૂલી મૂડી જાણજે.'

**—શ્રી ભાણદેવ**